RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 336 Dt. 11-06-2026 Page : 08 Price : Rs 3

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

નેહરૂનો ઐતિહાસિક રેકોર્ડ તોડ્યા બાદ ભારત મંડપમથી નરેન્દ્ર મોદીની સિંહ ગર્જના

# મધ્યમ વર્ગને નિરાશ નહીં કરીએ : PM

## NDAના ૧૨ વર્ષઃ ધીમો વિકાસ દર 'હિન્દુ ગ્રોથ રેટ' નહીં, પણ વાસ્તવમાં 'કોંગ્રેસ ગ્રોથ રેટ' હતોઃ વડાપ્રધાન

નવી દિલ્હી, તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે (૧૦ જૂન ૨૦૨૬) દિલ્હી સ્થિત ભારત મંડપમ ખાતે નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA) ના ઘટક પક્ષોની એક વિશેષ અને ઐતિહાસિક બેઠકને સંબોધિત કરી હતી. કેન્દ્રમાં એનડીએ શાસનના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અને પીએમ મોદી ભારતના ઈતિહાસમાં સૌથી લાંબો સમય સતત સત્તા પર રહેનારા લોકતાંત્રિક વડાપ્રધાન બનવાનો નેહરુનો રેકોર્ડ તોડવાના અવસરે આ બેઠક યોજાઈ હતી. પોતાના વિજયી સંબોધનમાં પીએમ મોદીએ દેશના મધ્યમ વર્ગ પર વિશેષ ભાર મૂકતા ભાવુક અને મક્કમ સૂરે જણાવ્યું હતું કે, ''વર્ષ ૨૦૧૪ માં જે વ્યક્તિ ગરીબ હતો, તે અમારી લોકકલ્યાણકારી યોજનાઓના કારણે આજે દેશનો 'ન્યૂ મિડલ ક્લાસ' (નવો મધ્યમ વર્ગ) બન્યો છે. અમે આ નવા મધ્યમ વર્ગને ક્યારેય નિરાશ નહીં થવા દઈએ અને તેમનો સર્વાંગી વિકાસ કરવામાં આવશે.'' પીએમ મોદીએ કોંગ્રેસ પક્ષને આડે હાથ લેતા આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે એનડીએના ૧૨ વર્ષના કાર્યકાળની સૌથી મોટી સિદ્ધિ એ છે કે, દેશ આજે કોંગ્રેસની મિલીભગત અને કુશાસનની જાળમાંથી મુક્ત થયો છે. કોંગ્રેસે દેશને લાચારી, ગરીબી અને લઘુતાગ્રંથિની ખાઈમાં ધકેલી દીધો હતો, અને તે સમયે એવી માન્યતા સામાન્ય બની ગઈ હતી કે ભારતમાં વિકાસની ગતિ હંમેશા ધીમી જ રહેશે. પરંતુ ૨૦૧૪ થી ૨૦૨૬ સુધીની સફર એ આંકડાઓની માયાજાળ નથી, પણ પોતાની સંપૂર્ણ ક્ષમતા સાથે દોડતા અદભુત ભારતની વાસ્તવિક ગાથા છે.

વડાપ્રધાને ભૂતકાળની આર્થિક નીતિઓનો ઉલ્લેખ કરતા એક મોટો રાજકીય ખુલાસો કર્યો હતો કે, ''કોંગ્રેસે બહુ ચાલાકીથી દેશના ધીમા આર્થિક વિકાસને 'હિન્દુ ગ્રોથ રેટ' (Hindu Growth Rate)નું નામ આપી દીધું હતું. એટલે કે કામ કરવાની પદ્ધતિ અને આર્થિક નિષ્ફળતા કોંગ્રેસની હતી, પરંતુ તેનો ડાઘ દેશની વિશાળ હિન્દુ વસ્તી પર લગાડી દેવાયો હતો.'' પીએમ મોદીએ સ્પષ્ટ કર્યું કે, વાસ્તવમાં આ ખોટા અને કલંકિત ટ્રેન્ડનું નામ 'કોંગ્રેસ ગ્રોથ રેટ' હોવું જોઈતું હતું, કારણ કે આ ગાળામાં ન તો સારું શાસન હતું, ન તો દેશહિતની સાચી નીતિઓ કે દ્રઢ નિર્ણયો લેવાની હિંમત હતી.



### મારી વ્યક્તિગત જીત નહીં કરોડો કાર્યકર્તાઓનો પુરૂષાથ

એનડીએ પરિવારના સભ્યો (આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ સહિતના નેતાઓ) દ્વારા રજૂ કરાયેલા વિશેષ અભિનંદન પ્રસ્તાવ બદલ તમામનો આભાર માનતા પીએમ મોદીએ વિનમ્રતા પૂર્વક કહ્યું કે, તેઓ સતત ત્રીજી વાર સરકાર બનાવવાના અને સૌથી લાંબો સમય સેવા કરવાના આ ઐતિહાસિક રેકોર્ડને પોતાની વ્યક્તિગત સિદ્ધિ નથી માનતા, પરંતુ આ એનડીએના દરેક ઘટક પક્ષ અને ભાજપ સહિત કરોડો કાર્યકર્તાઓની સામૂહિક જીત, રાષ્ટ્રસેવા અને પુરુષાર્થનું પરિણામ છે.

### વૈશ્વિક મંદી વચ્ચે ભારતની સ્પીડઃ ૭.૭% નો શાનદાર આર્થિક વિકાસ દર

પીએમ મોદીએ દેશના આર્થિક મોરચે અદભુત પ્રગતિના આંકડા રજૂ કરતા જણાવ્યું કે, આજે દુનિયાના મોટા-મોટા દેશોની અર્થવ્યવસ્થા જ્યારે સંઘર્ષ કરી રહી છે, ત્યારે પણ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં ભારતે ૭.૭% નો શાનદાર આર્થિક વિકાસ દર (Growth Rate) હાંસલ કર્યો છે. એટલું જ નહીં, ૩૧ માર્ચના રોજ પૂર્ણ થયેલા છેલ્લા ક્વાર્ટરમાં પણ ભારતનો ગ્રોથ રેટ ૭.૮% રહ્યો છે. આ અસાધારણ સફળતાના કારણે જ ભારત આજે વિશ્વમાં સૌથી ઝડપી ગતિએ આગળ વધતું મજબૂત અર્થતંત્ર બન્યું છે.

### તકનીકી આત્મનિર્ભરતા ગગનમાં ઉડશે : 'મેડ ઇન ઈન્ડિયા' એરક્રાફ્ટ

ભવિષ્યના વિઝન અંગે વાત કરતા વડાપ્રધાને દેશને નવી ટેકનોલોજી તરફ દોરી જવાનો સંકલ્પ જાહેર કર્યો હતો. ભારત હવે સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ અને ક્રિટિકલ મિનરલ્સ (મહત્વપૂર્ણ ખનિજો) પર મિશન મોડમાં કામ કરી રહ્યું છે. એનર્જી, ચિપ, બેટરી સ્ટોરેજ, સ્પેસ, ડ્રોન અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) જેવા વ્યૂહાત્મક ક્ષેત્રોમાં ભારત હવે વિદેશો પર નિર્ભર રહી શકે નહીં. તેમણે પૂર્ણ આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો કે, એ દિવસ હવે બહુ દૂર નથી જ્યારે દેશના આકાશમાં સત્તાવાર રીતે ભારતની ધરતી પર બનેલું 'મેડ ઇન ઈન્ડિયા' એરક્રાફ્ટ (હવાઈ જહાજ) ઉડાન ભરશે.

# જમ્મુ-કાશ્મીર : LoC નજીક બ્લાસ્ટ, બે જવાન શહીદ

નવી દિલ્હી, તા. ૧૦

જમ્મુ-કાશ્મીરના ઉરી સેક્ટરમાં લાઇન ઑફ કન્ટ્રોલ (LoC) નજીકથી એક અત્યંત હૃદયદ્રાવક અને દુઃખદ ઘટના સામે આવી છે. મંગળવારે મોડી સાંજે ઉરીના કમલકોટ વિસ્તારમાં સરહદ પર પેટ્રોલીંગ અને ફરજ બજાવી રહેલા ભારતીય સેનાના જવાનો અચાનક એક ભયાનક બ્લાસ્ટનો ભોગ બન્યા હતા. આ આકસ્મિક વિસ્ફોટમાં સેનાના બે જવાન ગંભીર રીતે ઘાયલ થયા હતા અને ત્યારબાદ લશ્કરી હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લેતા વીરગતિને વર્યા હતા. આ ભયાનક દુર્ઘટનાને પગલે સમગ્ર ભારતીય સૈન્ય અને દેશ સહિત શહીદ જવાનોના પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.



**ફરજ દરમિયાન કમલકોટ વિસ્તારમાં થયો જોરદાર વિસ્ફોટઃ ગંભીર હાલતમાં એરલિફ્ટ કરાયેલા બંને વીર જવાનોએ હોસ્પિટલમાં દમ તોડ્યો, સમગ્ર દેશમાં શોકનું મોજું**

દેશની રક્ષા કાજે પોતાનું સર્વોચ્ચ બલિદાન આપીને અમર થઈ જનારા આ બંને બહાદુર જવાનો મહારાષ્ટ્રના વતની હતા. સૈન્ય દ્વારા જાહેર કરાયેલી સત્તાવાર વિગત મુજબ, શહીદ જવાનોની ઓળખ ચવ્હાણ વિક્રમ બાલકૃષ્ણ અને અર્જુન જાધવ રાજેન્દ્ર તરીકે થઈ છે. વીર જવાન વિક્રમ બાલકૃષ્ણ મહારાષ્ટ્રના ઐરોલીના રહેવાસી હતા, જ્યારે જાંબાઝ જવાન અર્જુન જાધવ રાજેન્દ્ર મહારાષ્ટ્રના સતારા જિલ્લાના કરાડ તાલુકાના શાહપુર ગામના વતની હતા. માતૃભૂમિની રક્ષા કાજે આપેલા આ સર્વોચ્ચ બલિદાનને રાષ્ટ્ર હંમેશા સન્માન અને આદરપૂર્વક યાદ રાખશે. સત્તાવાર લશ્કરી સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, કમલકોટ સેક્ટરમાં વિસ્ફોટ થયા બાદ તરત જ બંને જવાનોને અત્યંત ગંભીર અને નાજુક હાલતમાં સેનાના હેલિકોપ્ટર દ્વારા એરલિફ્ટ કરીને શ્રીનગરના બાદામીબાગ સ્થિત સેનાની પ્રખ્યાત '૯૨ બેઝ હોસ્પિટલ' ખાતે લઈ જવામાં આવ્યા હતા. ત્યાં હાજર લશ્કરી ડોક્ટરોની સ્પેશિયલ ટીમે આ બંને યોદ્ધાઓના જીવ બચાવવા માટે રાત-દિવસ એક કરીને તમામ શક્ય પ્રયાસો કર્યા હતા. જોકે, વિસ્ફોટ એટલો ભયાનક હતો કે બંને જવાનોના શરીર પર ગંભીર ઈજાઓ પહોંચી હોવાના કારણે તમામ તબીબી પ્રયત્નો છતાં તેમને બચાવી શકાયા નહોતા અને સારવાર દરમિયાન જ તેઓ શહીદ થયા હતા.

ઝડપાયેલા ત્રણ સગીરોની પૂછપરછમાં પાક. આકાઓનું ભયાનક કાવતરું પર્દાફાશ

# પાકના આતંકી નેટવર્ક પર ત્રાટકી NIA

## પંજાબ-હરિયાણામાં ૧૮ સ્થળોએ દરોડા

નવી દિલ્હી, તા. ૧૦

કેન્દ્રીય તપાસ એજન્સી NIA (નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી) દ્વારા મંગળવારે પંજાબ અને હરિયાણામાં દેશવિરોધી તત્વો સામે અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી કરવામાં આવી છે. આતંકવાદીઓ અને સ્થાનિક ગેંગસ્ટર્સ વચ્ચેની ખતરનાક સાંઠગાંઠને તોડી પાડવા માટે ગઈઅની ટીમો એકસાથે પંજાબ-હરિયાણાના ૯ જિલ્લાના આશરે ૧૮ જેટલા સ્થળોએ ત્રાટકી હતી. આ દરોડા પાકિસ્તાનમાં બેસીને ભારતમાં આતંક ફેલાવતા કુખ્યાત ડોન અને ગેંગસ્ટરમાંથી આતંકવાદી બનેલા શહઝાદ ભટ્ટીના નેટવર્ક સાથે જોડાયેલા છે, જે દરમિયાન કરોડો રૂપિયાના શંકાસ્પદ વ્યવહારો, ડિજિટલ ડિવાઈસ અને ગુપ્ત દસ્તાવેજો જપ્ત કરાયા છે.

તપાસ દરમિયાન સૌથી ભયાનક ખુલાસો એ થયો છે કે પાકિસ્તાની ડોન શહઝાદ ભટ્ટી ઓનલાઇન ગેમિંગ એપ્લિકેશન દ્વારા ભારતના સગીરો અને યુવાનોને પોતાની જાળમાં ફસાવી રહ્યો છે. પોલીસ અને એજન્સીઓ દ્વારા તાજેતરમાં ઝડપી પાડવામાં આવેલા ત્રણ સગીરોની સઘન પૂછપરછમાં આ આંતરરાષ્ટ્રીય ષડયંત્રનો પર્દાફાશ થયો છે. પાકિસ્તાની આકાઓ પહેલા ઓનલાઇન ગેમિંગ દ્વારા ભારતીય યુવકોનો સંપર્ક કરે છે, ત્યારબાદ તેમની સાથે મિત્રતા કરીને પાકિસ્તાનમાં બેઠેલા હેન્ડલર્સ સાથે ઓનલાઇન વાતચીત કરાવે છે. ત્યાં નબળી માનસિકતા ધરાવતા યુવાનોનું સદંતર બ્રેઈનવોશ કરવામાં આવે છે અને પછી લાલચ આપીને તેમને દેશવિરોધી ગેંગમાં સામેલ કરી લેવાય છે.

પાકિસ્તાન સરહદ પારથી ઓપરેટ થતી શહઝાદ ભટ્ટી ગેંગ પંજાબ અને હરિયાણામાં અનેક મોટા હુમલાઓ કરાવી ચૂકી છે. NIAના રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૨૫ માં હરિયાણાના સિરસામાં મહિલા પોલીસ સ્ટેશન પર થયેલો બોમ્બ બ્લાસ્ટ, સોશિયલ મીડિયા ઈન્ફલૂએંસર રોજર સંધૂના ઘર પર થયેલો ગ્રેનેડ હુમલો અને આ જ વર્ષે અંબાલાના બલદેવનગર પોલીસ સ્ટેશન પર થયેલા ભયાનક હુમલા પાછળ આ જ પાકિસ્તાની નેટવર્ક જવાબદાર હોવાનું પુરવાર થયું છે. મોટી ઘટનાને અંજામ આપે તે પહેલાં જ એજન્સીઓએ નેટવર્ક તોડ્યું

ગુપ્તચર એજન્સીઓને પાકા અહેવાલ મળ્યા હતા કે આ પાકિસ્તાની ડોન અને ભારતના લોકલ ગેંગસ્ટર્સ મળીને દેશના કોઈ મોટા પ્રદેશમાં અથવા ભીડભાડવાળા વિસ્તારમાં મોટી આતંકવાદી ઘટનાને અંજામ આપવાની ફિરાકમાં છે. આ શંકાને પગલે અગાઉથી જ સાવચેતીના ભાગરૂપે ગઈઅ દ્વારા આ તમામ શંકાસ્પદ ઠેકાણાઓ પર વહેલી સવારે દરોડા પાડીને આતંકી કાવતરાને નેસ્તનાબૂદ કરી દેવાયું છે. પંજાબ અને હરિયાણા પોલીસની મદદથી NIA હાલમાં પકડાયેલા શંકાસ્પદોની કડીઓ મેળવીને આગળની કાર્યવાહી તેજ કરી રહી છે.

# ઓઈલ ટેન્કર પર અમેરિકાનો હુમલો, ૩ ભારતીયો લાપતા

## ઓમાન નેવીનું દિલધડક રેસ્ક્યુ ઓપરેશનઃ ૨૧ ભારતીયો સુરક્ષિત : ભારત આકરા પાણીએઃ યુએસ રાજદ્વારી 'જેસન મીક્સ'ને તાકીદનું સમન્સ



નવી દિલ્હી, તા.૧૦

પશ્ચિમ એશિયા (Middle East) માં ચાલી રહેલો ભયાનક સૈન્ય સંઘર્ષ હવે આંતરરાષ્ટ્રીય જળસીમાઓ પર લોહીયાળ સાબિત થઈ રહ્યો છે. ઓમાનના દરિયાકાંઠા નજીક એક કોમર્શિયલ ઓઈલ ટેન્કર પર અમેરિકન સેના દ્વારા કરવામાં આવેલા ભયાનક હુમલાથી વૈશ્વિક સ્તરે હડકંપ મચી ગયો છે. આ જહાજ પર સવાર કુલ ૨૮ ક્રૂ મેમ્બર્સમાંથી ૨૪ નાગરિકો ભારતીય હતા. આ હિંસક હુમલા બાદ ૩ ભારતીય જવાનો લાપતા (ખશતતશક્ષલ) હોવાના અત્યંત દુખદ સમાચાર સામે આવ્યા છે, જેને પગલે ભારત સરકારે કડક વલણ અપનાવ્યું છે.


ભારતીય વિદેશ મંત્રાલયે (MEA) બુધવારે રાત્રે જાહેર કરેલા સત્તાવાર નિવેદન અનુસાર, જે કોમર્શિયલ જહાજ પર હુમલો થયો છે તેનું નામ 'સેટેબેલો' (Settebello) છે. આ જહાજ 'પલાઉ' દેશના ફ્લેગ હેઠળ રજિસ્ટર્ડ થયેલું કેમિકલ અને ઓઈલ પ્રોડક્ટ ટેન્કર છે. મરીન ટ્રાફિક શિપ-ટ્રેકિંગ પ્લેટફોર્મના અહેવાલ મુજબ, આ ટેન્કર આંશિક રીતે ઓઈલથી ભરેલું હતું અને ઓમાનના સોહર બંદરગાહથી ૨૦ નોટિકલ માઈલ ઉત્તર-પૂર્વમાં હતું, ત્યારે જ અમેરિકી સેનાના ત્રાટકવાથી તેના એન્જિન રૂમમાં ભયાનક આગ લાગી ગઈ હતી. જહાજ તરફથી મોકલવામાં આવેલી ઈમરજન્સી 'ડિસ્ટ્રેસ કોલ' પર ઓમાનની નૌસેનાએ તાત્કાલિક એક્શન લઈને રેસ્ક્યુ ઓપરેશન શરૂ કર્યું હતું અને ૨૧ ભારતીયો સહિત અન્ય ક્રૂ મેમ્બર્સને સુરક્ષિત બચાવી લીધા હતા.

આ ઘટનાથી ગુસ્સે ભરાયેલા ભારતે બુધવારે નવી દિલ્હીમાં અમેરિકાના વચગાળાના રાજદ્વારી (Charge d'Affaires) જેસન મીક્સને વિદેશ મંત્રાલયમાં સમન્સ પાઠવીને તેડું મોકલ્યું હતું. વિદેશ મંત્રાલયના એડિશનલ સેક્રેટરી (અમેરિકા ડેસ્ક) નાગરાજ નાયડુએ યુએસ રાજદ્વારી સમક્ષ સમુદ્રમાં ભારતીય નાગરિકોની સુરક્ષાને લઈને ગંભીર ચિંતા અને આક્રોશ વ્યક્ત કર્યો હતો. ભારતે અમેરિકાને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે, આંતરરાષ્ટ્રીય જળમાર્ગો પર કોમર્શિયલ જહાજો અને સામાન્ય નાગરિકોને નિશાનો બનાવવો તદ્દન અસ્વીકાર્ય છે. જો કે, આ મામલે અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) એ હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપી નથી. બ્રિટિશ મેરિટાઈમ સિક્યોરિટી ગ્રુપ 'એમ્બ્રે' (Ambre)ના અહેવાલ અનુસાર, આ હુમલો વાસ્તવમાં ઈરાની બંદરગાહો અને 'હોર્મુઝની સામુદ્રધુની' (Strait of Hormuz)ની નાકાબંધી કરવા માટે અમેરિકા દ્વારા ચલાવવામાં આવી રહેલા વિશેષ સૈન્ય ઓપરેશનનો હિસ્સો હોઈ શકે છે. અમેરિકાએ ૧૩ એપ્રિલથી ઈરાન સાથે જોડાયેલા શિપમેન્ટ્સ પર કડક પ્રતિબંધ મૂક્યો છે. યુએસ સેન્ટકોમે તાજેતરમાં જ જણાવ્યું હતું કે, તેમની સેનાએ દરિયાઈ નિયમોનું ઉલ્લંઘન કરનારા ૭ જહાજોને રોક્યા હતા, જ્યારે ૧૩૪ જહાજોના રૂટ ડાયવર્ટ કર્યા હતા, જેના ભાગરૂપે આ સૈન્ય કાર્યવાહી થઈ હોવાનું મનાય છે.

### વૈશ્વિક શાંતિ અને તાત્કાલિક યુદ્ધવિરામની માંગ

ભારતીય વિદેશ મંત્રાલયે આંતરરાષ્ટ્રીય સમુદાયને ખુલ્લી અપીલ કરતાં જણાવ્યું છે કે, પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધના કારણે વૈશ્વિક વેપાર માર્ગો અને નિર્દોષોના જીવ પ્રભાવિત ન થવા જોઈએ. ભારતે તાત્કાલિક યુદ્ધવિરામ (ઈચફતયરશચિ) અને રાજદ્વારી વાતચીત દ્વારા શાંતિ સ્થાપવાની માંગ કરી છે. હાલમાં ઓમાનમાં આવેલું ભારતીય દૂતાવાસ લાપતા ૩ ભારતીય જવાનોની શોધખોળ માટે સ્થાનિક સત્તાવાળાઓ સાથે સતત અને જીવંત સંપર્કમાં છે.

# પીડીયું હોસ્પિટલના પેથોલોજીના ટેન્ડરમાં ગંભીર ક્ષતિઓ



## સંજય લાખાણી અને કૃષ્ણદત્ત રાવલે આક્ષેપો કરી રિ-ટેન્ડરની કરી માંગણી

રાજકોટ,તા.૧૦

પંડિત દીનદયાળ ઉપાધ્યાય (પી.ડી.યુ.) સિવિલ હોસ્પિટલ,રાજકોટ ખાતેની પેથોલોજી લેબ સેવાઓના તાજેતરના ટેન્ડર ફાળવણીમાં થયેલી અનિયમિતતાઓ-ક્ષતિઓ અંગે રાજકોટના બે જાગૃત નાગરિક સંજય લાખાણી અને કૃષ્ણદત્ત રાવલ દ્વારા આક્ષેપો કરીને રિ-ટેન્ડરની માંગ કરી છે. અને આ અંગે અંગે ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ સમક્ષ ફરિયાદ રજૂ કરવામાં આવી છે.

અગાઉ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ ફાઈલ કરેલ અરજી પર પી.ડી.યુ. હોસ્પિટલ દ્વારા જારી થયેલ આર.ટી.આઈ. જવાબ - ક્રમાંકન. આર.ટી.આઈ./૯૩૨૦/૨૬, તારીખ ૨૮/૪/૨૦૨૬ -- સાથે મળેલ ચારેય બીડરોના તુલનાત્મક દરપત્રકો અને જાહેર પ્રાપ્તિ ની માહિતીની ઝીણવટભરી તુલના પછી ત્રણ ગંભીર બાબતો ધ્યાનમાં આવી છે.જેમાં પી.ડી.યુ. હોસ્પિટલ આર્થિક રીતે નબળા, વંચિતઅને ગ્રામીણ વર્ગના દર્દીઓ માટેનું પ્રાથમિક આશ્રય સ્થાન છે. હોસ્પિટલમાં દાખલ દર્દીઓના ટેસ્ટ ખર્ચ સરકાર ભોગવે છે, પરંતુ વોકઈન દર્દીઓ જે દર મહિને હજારોની સંખ્યામાં છે હોસ્પિટલની સત્તાવાર દર-યાદી પ્રમાણે પોતાના ખિસ્સામાંથી ચૂકવે છે. તાજેતરના ટેન્ડરમાં ઊંચા-ભાવવાળું બીડ

પાસ થયું છે, જેના કારણે દર-યાદી ઊંચા ભાવો ઉપર આધારિત છે, અને દરેક વિઝિટ ઉપર ગરીબ દર્દીઓ ઉપર સેંકડો રૂપિયાનો વધારાનો બોજ પડે છે જે રોજગાર-મજૂર, શ્રમિક અને વૃદ્ધ-પેન્શનધારક માટે અડધા-થી-એક દિવસની કમાઈ બરાબર છે. ચાર બીડરોમાંના બે ડો. ભટ્ટ પેથોલોજી લેબોરેટરી અને ડેલ્ટા ડાયગ્નોસ્ટિક લેબોરેટરીની પ્રાપ્ત માહિતી મુજબ સ્વતંત્ર સ્પર્ધક નથી. ડેલ્ટા ડાયગ્નોસ્ટિક લેબોરેટરી ડો. ભટ્ટ પેથોલોજી લેબોરેટરીની જ હોવાનું જણાય છે, અને ડેલ્ટા ખાતે થયેલ સેમ્પલના ટેસ્ટ રિપોર્ટ સતત-પેટર્ન રીતે ડો. ભટ્ટ પેથોલોજી લેબોરેટરીના સત્તાવાર લેટરહેડ ઉપર જારી થાય છે. જો આ સાચું હોય તો તે

ગુનો બને છે. પરિણામે ચાર બીડરોનો કાગળ-આંકડો છતાં વાસ્તવિક સ્પર્ધા ત્રણ બીડરો વચ્ચે જ હતી -- જે ટેન્ડરની વિશ્વસનીયતા ઉપર પ્રશ્નચિહ્ન મૂકે છે. સત્વર નવેસરથી ખુલ્લું ટેન્ડર બહાર પાડવું, જેમાં બીડરો વચ્ચે માલિકી-એકતા તપાસવાની સ્પષ્ટ જોગવાઈ રાખવી જોઈએ. ફેર-ટેન્ડરના નવા દરના આધારે પી.ડી.યુ.ની દર-યાદી તાત્કાલિક સુધારવી, જેથી ગરીબદર્દીઓને રાહત મળે.

કાર્યકરોએ સ્પષ્ટ કર્યું છે કે જો રાજ્ય સરકાર તરફથી 30 દિવસની અંદર સંતોષકારક પગલાં ન લેવાય તો આ બાબત ગુજરાત વિજિલન્સ કમિશન, ગુજરાત લોકાયુક્ત, એન્ટિ-કરપ્શન બ્યુરો ગુજરાત અને જરૂર પડ્યે ગુજરાત હાઈ કોર્ટ સમક્ષ બંધારણની કલમ ૨૨૬ હેઠળ જાહેર હિતની અરજી મારફતે રજૂ કરવામાં આવશે તે નક્કી છે. તેમણે રાજકોટના અન્ય જાગૃત નાગરિકો, દર્દો-કલ્યાણ સંસ્થાઓ, અને જે દર્દીઓને પી.ડી.યુ. હોસ્પિટલમાં ઊંચા દરનો અનુભવ થયો છે તેવા તમામને આ બાબતમાં સહયોગ આપવાની અપીલ કરી છે.આ બંને આગેવાનોએ આરોગ્ય સેવાના અધિક નિયામક, આરોગ્ય મંત્રી, આરોગ્યના અગ્ર સચિવ અને પીડીયુંના મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ અને જિલ્લા કલેક્ટરને પણ ફરિયાદની નકલો મોકલી હોવાનું જણાવ્યું છે.

# ક્રિસ્ટલ નેક્સેસના ૧૨માં માળને નહીં મળે મંજૂરી: TPO

### બારમા માળ માટે ઈમ્પેક્ટ અરજી કરાઈ' તી દાખલ : સ્ટેટ હાઈવેનું એનઓસી તથા ૨૦ ટકા કપાત પણ થઈ નથી તો કેવી રીતે મળશે મંજૂરી, સૌ મણનો સવાલ

### બાકી માળના દસ્તાવેજો મળ્યા હોવાની ટીપીઓએ કરી કબુલાત પરંતુ ઈમ્પેક્ટની અરજી તો ૧૨માં માળ માટે થઈ હતી ? તો ઈમ્પેક્ટની અરજી કયા આધારે કરાઈ ?

રાજકોટ, તા..૧૦

મહાનગરપાલિકાની કામગીરીને લઈ રાજકીય વર્તુળો તથા આગેવાનો દ્વારા આંગળી ચીંધવામાં આવી રહી છે કારણ કે જે જે કામગીરી ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા કરવામાં આવતી હોય તેમાં ઘણા ખરા કિસ્સાઓમાં રાજકીય વગ ધરાવતા લોકોના ઈશારે અધિકારીઓ કામ કરતા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. પરિણામ સ્વરૂપે ઘણા ખરા કિસ્સાઓમાં ગેરરીતિઓ આચરવામાં આવી હોય તેવું સ્પષ્ટ ચિત્ર જોવા મળી રહ્યું છે . જેનું ઉત્તમ ઉદાહરણ ક્રિસ્ટલ નેક્સેસ બિલ્ડીંગ છે. બારમો માળ મંજૂર ન થયો હોય છતાં ઈમ્પેક્ટ મંજૂર કરવાની વાત સંભળાઈ હતી જેના પરિપેક્ષમાં ટાઉન પ્લાનર અધિકારી આર.ડી પરમારે જણાવ્યું હતું કે આ કોમર્શિયલ બિલ્ડીંગ પાસે તમામ જરૂરી પુરાવાઓ છે જેના આધારે ઈમ્પેક્ટ મંજૂર કરવામાં આવશે સાથો સાથ તેઓએ કબૂલ્યું હતું કે ૧૨ મો માળ ના કોઈ દસ્તાવેજો પૂરતા નથી જેથી તે મંજૂર કરવામાં આવશે નહીં. પરંતુ હવે પ્રશ્ન એ જ છે કે ઈમ્પેક્ટ ની અરજી તો ૧૨ માં માળ માટે કરવામાં આવી હતી તો કઈ રીતે ટાઉન પ્લાનિંગ વિભાગ આ કામગીરીને મંજૂર કરશે ? એટલું જ નહીં અધિકારીએ વધુ પ્રશ્નોના જવાબ આપવાનું પણ ટાળ્યું હતું.

એટલું જ નહીં ઈમ્પેક્ટ નો નિયમ છે કે છ મહિનામાં જે તે અરજીનો તાત્કાલિક નિકાલ કરવામાં આવે પરંતુ ૩૬ મહિના જેટલો માતબર સમય વીતી ગયો હોવા બાદ હાલ ચર્ચા રહ્યું છે કે ટાઉન પ્લાનિંગ વિભાગ તેની ઈમ્પેક્ટ ની અરજી મંજૂર કરશે. તો બીજી તરફ ટાઉન પ્લાનિંગ અધિકારી પરમાર નું કહેવું છે કે ૧૧ માર્ચ સુધીના જે આધાર પુરાવાઓ કચેરીને મળ્યા છે તે પૂરતા છે જેથી તેને મંજૂર કરવામાં આવશે પરંતુ પ્રશ્ન એ જ છે કે ઈમ્પેક્ટ ની અરજી તો ૧૨ માં માળ માટે કરાઈ હતી અને તેના પુરાવાઓ પણ પૂરતા નથી અને તેને મંજૂર પણ નહીં કરાય તે સ્પષ્ટ અધિકારીએ કબૂલ્યું હતું તો હવે મંજૂર શું કરશે તે અંગે અનેક સવાલો ઊભા થયા છે..કોંગી આગેવાનોના જણાવ્યા અનુસાર હાલ ગેરલાયક એવા ક્રિસ્ટલ નેક્સેસ બિલ્ડીંગ ની ઈમ્પેક્ટ મંજૂર કરી દીધી હોવાનું હાલ જાણવા મળી રહ્યું છે જે અંગે કોંગી આગેવાનોએ જણાવ્યું હતું કે રિન્યુઅલ ફાયર એનઓસીના આધારે કોઈ પણ ઈમ્પેક્ટ મંજૂર થઈ શકતું નથી જો આ વાત સત્ય હોય તો મહાનગરપાલિકાની કામગીરી ઉપર ફરી પ્રશ્નાર્થ મુકાશે અને અનેકવિધ સવાલો પણ ઊભા થશે. કોઈક એક મિલકત માટે ઈમ્પેક્ટ નો છ મહિનાનો કાયદો લાગુ થતો હોય અને બીજી મિલકત માટે ૩૬ મહિના જેટલો માતબર સમય વીતી જાય તો પણ યોગ્ય નિર્ણય લેવામાં ન આવે તે કોની બેદરકારી અને કોની મિલીભગત તે અંગે અનેકવિધ સવાલો ઉભા થયા છે.

ટાઉન પ્લાનર અધિકારી આર.ડી પરમારે જે માહિતી આપી તેના આધારે એ વાત તો સ્પષ્ટ છે કે ક્યાંક ને ક્યાંક તો કંઈક રંધાઈ રહ્યું છે કારણ કે ૩૬ મહિના જેટલો માતબર સમય વીતી જાય તો પણ ઈમ્પેક્ટ અંગે યોગ્ય નિર્ણય ન લઈ શકાય તેમાં ક્યાંક ખોટું થયું હોવાનું સૂત્રો ચર્ચી રહ્યા છે. લિફ્ટ ના એનઓસી અંગે પણ અનેકવિધ સવાલો ઉઠ્યા છે ત્યારે કોંગ્રેસના આગેવાન સંજય લાખાણી તથા કૃષ્ણદત રાવલ દ્વારા ચીફ ઈન્સ્પેક્ટર ઓફ લિફ્ટને લેખિત અરજી આપી જે ચાર લિફ્ટ ઉભી કરવામાં આવી છે તેના દસ્તાવેજો ની યાદી માંગવામાં આવી છે જેમાં એ વાતની સ્પષ્ટતા કરાય છે કે કયા ડોક્યુમેન્ટ ના આધારે ચાર લિફ્ટ માટે એનઓસી માંગવામાં આવી ? બીજી તરફ મહાનગરપાલિકા એ પણ બીયુ તથા કમ્પલેશન સર્ટિફિકેટ આપ્યું નથી. ત્યારે પ્રથમ બે લિફ્ટ માટે ક્રિસ્ટલ નેક્સેસ બિલ્ડીંગના સંચાલકોએ કયા આધારે એનઓસી મેળવી તે પણ હવે ચર્ચાનો વિષય બન્યો છે.

# ગીચ વિસ્તારમાં દુર્ઘટના અટકાવવા એક્શન પ્લાન નથી તૈયાર

### મનપાના ચીફ ફાયર ઓફિસરનું માનવું જો બિલ્ડીંગ દીઠ બે એવા લોકોની નિયુક્તિ કરાય જેમને ફાયરનું જ્ઞાન હોય તો જાનહાની અટકાવી શકાય

રાજકોટ, તા. ૧૦

ચોમાસાની ઋતુમાં મહાનગરપાલિકાની કામગીરી સંપૂર્ણપણે વધી જશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી પરંતુ આ વખતે ફાયર વિભાગની કામગીરી પણ સૌથી મહત્વની પુરવાર થશે. રાજકોટના ઘણાખરા ગીચ વિસ્તારોમાં ફાયર ફાઈટરો પહોંચતા ન હોવાની ફરિયાદો ઉઠી રહી છે હાલ થોડા દિવસ પૂર્વેદ સોની બજારમાં દિયા ગોલ્ડમાં જે આગ લાગી તે બાદ સમગ્ર શહેરમાં એ વાત ચર્ચાનો વિષય બની છે કે જો કોઈ દુર્ઘટના ઘટે તે સમયે ફાયર ની ટીમ આ વિસ્તારોમાં કઈ રીતે આગ પર કાબુ મેળવી શકે. હાલ આ અંગે હજુ સુધી કોઈ માસ્ટર પ્લાન તૈયાર થયું નથી જેની પાછળનું એકમાત્ર કારણ એ છે કે એક પણ વિકલ્પો ફીટ બેસતા નથી.

આ અંગે મહાનગરપાલિકાના ચીફ ફાયર ઓફિસર અમિત દવે સાથે વાતચીત કરતા માલુમ પડ્યું કે જો રાજકોટના જે ગીત વિસ્તારો છે અને ખાસ તો સોની બજાર ના જે રોડ રસ્તાઓ છે તેમાં જે તે પેઢી ધારક ઓછા સિલિન્ડરનો ઉપયોગ કરે અને બિલ્ડીંગ દીઠ દર બાર બાર કલાકની નોકરી પર બે એવા લોકોની નિયુક્તિ કરે કે જેમની પાસે ફાયર નું જ્ઞાન હોય અને પૂર્ણતઃ ફાયરના સાધનો રાખવામાં આવે તો જાનહાનિ ટળી શકે છે. બાકી પ્રાથમિક તબક્કે એવો કોઈ વિકલ્પ નથી કે જેનાથી દુર્ઘટના ઘટે તો ત્યાં સમયસર પહોંચીને ઓપરેશન હાથ ધરી શકાય.

માત્ર રાજકોટ જ નહીં પરંતુ રાજ્યના અન્ય શહેરોની જો વાત કરવામાં આવે તો ઘણા ખરા ગીત વિસ્તારો જોવા મળતા હોય છે ત્યારે તે વિસ્તારમાં દુર્ઘટના પર કાબુ મેળવવા માટે સરકાર કોઈ યોગ્ય પ્લાન ઘડે તે ખૂબ જરૂરી છે. મળતી માહિતી મુજબ બહુ સમય પહેલા જેમ ગેસ અને પાણીની લાઈન આપવામાં આવતી હોય છે તેવી જ રીતે ફાયર ની લાઈન આપવાની ચર્ચા થઈ હતી તેવું સૂત્રોએ પણ જણાવ્યું છે પરંતુ તે અત્યંત ખર્ચાળ હોવાના કારણે એ મુદ્દો હાલ સરકારે મુલતવી રાખ્યો હોવાનું પણ જણાઈ રહ્યું છે. ત્યારે વૈકલ્પિક રસ્તો ઉભો થાય તે માટેના તમામ પગલાંઓ લેવા માટે સમયાંતરે સરકાર દ્વારા વિચાર વિમર્શ કરવામાં આવી રહ્યો છે પરંતુ જે યોગ્ય ઉકેલ આવવો જોઈએ તે હજુ સુધી આવી શક્યો નથી.

# 'ઓપરેશન મિલાપ' : ૧૪૭૦ ગુમ વ્યક્તિઓને શોધી કાઢ્યા

### ૮૫૨ મહિલાઓ, ૩૪૨ પુરુષો, ૪૨ સગીર છોકરાઓ અને ૨૩૪ સગીર છોકરીઓનો સમાવેશ; સુરત શહેર પોલીસે સૌથી વધુ ૩૪૧ વ્યક્તિઓને શોધી કાઢ્યા

ગાંધીનગર, તા.૧૦

ગુમ થયેલા વ્યક્તિઓને શોધવા માટેનું વિશેષ અભિયાન પૂર્ણ થયું હોવા છતાં અમારા પ્રયાસો અહીં અટકવાના નથી. પોલીસ અધિકારીઓને નિયમિત પોલીસ કામગીરીની સાથે ગુમ થયેલા વ્યક્તિઓના કેસોમાં સતત કામગીરી ચાલુ રાખવા સૂચના આપવામાં આવી છે, રાજ્યના પોલીસ વડા જી.એસ. મલિક

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળ ગુજરાત પોલીસ મહિલા સુરક્ષા, બાળકો અને સામાન્ય વર્ગનાં લોકોના રક્ષણ, નશીલા પદાર્થોના નેટવર્ક સામે કાર્યવાહી, ગેરકાયદે દેશમાં ઘુસેલા બાંગ્લાદેશીઓને શોધવાનું અભિયાન અને રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત મુદ્દાઓ પર કેન્દ્રિત નાગરિક-કેન્દ્રિત પોલીસિંગ અભિગમને આગળ ધપાવી રહી છે. 'ઓપરેશન મિલાપ' આ પ્રયાસોનો મહત્વપૂર્ણ ભાગ રહ્યું છે

નાગરિકોની સુરક્ષા અને ગુમ થયેલા વ્યક્તિઓને તેમના પરિવારજનો સાથે પુનઃમિલન કરાવવાનાં ઉદ્દેશ્ય સાથે ગુજરાત પોલીસે એક મહિના માટે રાજ્યવ્યાપી વિશેષ અભિયાન 'ઓપરેશન મિલાપ' લોન્ચ કર્યુ હતું. આ અભિયાન અંતર્ગત ગુજરાત પોલીસે ૧,૪૭૦ ગુમ થયેલા વ્યક્તિઓને સફળતાપૂર્વક શોધી કાઢ્યાં હતાં.

૭ મેના રોજ સમગ્ર રાજ્યમાં આ અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી, આ અભિયાન હેઠળ વર્ષો જુના કેસો ફરી ખોલવામાં આવ્યાં હતા. પોલીસના રેકોર્ડ અનુસાર વર્ષ ૨૦૦૭થી અત્યાર સુધી ગુજરાતમાં કુલ ૨૪,૭૬૭ લોકો ગુમ થયેલા હોવાનું નોંધાયું છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળ ગુજરાત પોલીસ મહિલા સુરક્ષા, બાળકો અને સામાન્ય વર્ગનાં લોકોના રક્ષણ, નશીલા પદાર્થોના નેટવર્ક સામે કાર્યવાહી, ગેરકાયદે દેશમાં




ઘુસેલા બાંગ્લાદેશીઓને શોધવાનું અભિયાન અને રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત મુદ્દાઓ પર કેન્દ્રિત નાગરિક-કેન્દ્રિત પોલીસિંગ અભિગમને આગળ ધપાવી રહી છે. 'ઓપરેશન મિલાપ' આ પ્રયાસોનો મહત્વપૂર્ણ ભાગ રહ્યું છે.

ગુમ થયેલા વ્યક્તિઓને શોધવા માટેનું વિશેષ અભિયાન પૂર્ણ થયું હોવા છતાં અમારા પ્રયાસો અહીં અટકવાના નથી. પોલીસ અધિકારીઓને નિયમિત પોલીસ કામગીરીની સાથે ગુમ થયેલા વ્યક્તિઓના કેસોમાં સતત કામગીરી ચાલુ રાખવા સૂચના આપવામાં આવી છે, ગુજરાત પોલીસ વડા જી. એસ. મલિકે જણાવ્યું હતું.

આ સમગ્ર અભિયાન ટેકનિકલ અને ખાગની બાતમીનાં આધારે ચલાવવામાં આવ્યું હતું. તેમાં જૂના કેસ રેકોર્ડની વિગતવાર સમીક્ષા તથા ફિલ્ડ પર નવી ચકાસણીનો સમાવેશ થાય છે. પોલીસ ટીમોએ ડિજિટલ રેકોર્ડ, સોશિયલ મીડિયા પ્રવૃત્તિઓ, જાહેર પરિવહન કેન્દ્રો અને આશ્રય ગૃહોની તપાસ કરી હતી. સાથે જ ફરિયાદીઓ અને સાક્ષીઓનો ફરી સંપર્ક કરી નવા સૂત્રો મેળવવાનો પ્રયાસ પણ કર્યો હતો, ગુજરાત ઈઈઉ ક્રાઇમ (મહિલા સેલ)નાં અધિક પોલીસ મહાનિર્દેશક મહાનિદેશક અજય ચૌધરીએ જણાવ્યું .

ઓપરેશન મિલાપ દરમિયાન ગુજરાતમાં ગુમ થયેલા વ્યક્તિઓના કેસો પાછળના મહત્વપૂર્ણ તારણો જાણવા મળ્યા છે, ગુમ થવામાં સૌથી મોટો વર્ગ કિશોરીઓનો છે તેમ પ્રાથમિક દ્રષ્ટિએ જાણવા મળ્યું છે. આ વિશેષ અભિયાન દરમિયાન પોલીસે મોટી સંખ્યામાં ગુમ થયેલા બાળકો અને મહિલાઓને શોધી કાઢ્યા હતા. તેમાં વર્ષોથી પેન્ડિંગ રહેલા અનેક કેસો તેમજ રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, બિહાર, આસામ, ઝારખંડ અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાંથી મળેલી સફળતાઓનો પણ સમાવેશ થાય છે, એક સિનિયર પોલીસ અધિકારીએ જણાવ્યું.

અભિયાન દરમિયાન શોધી કાઢવામાં આવેલા કુલ ૧,૪૭૦ વ્યક્તિઓમાં ૮૫૨ મહિલાઓ, ૩૪૨ પુરુષો, ૪૨ સગીર છોકરાઓ અને ૨૩૪ સગીર છોકરીઓનો સમાવેશ થાય છે. રાજ્યભરની તમામ પોલીસોમાં સુરત શહેર પોલીસે સૌથી વધુ ૩૪૧ ગુમ થયેલા વ્યક્તિઓને શોધી કાઢ્યા હતા.

શોધી કાઢવામાં આવેલા કેસોના વિશ્લેષણથી જાણવા મળ્યું છે કે ખાસ કરીને ૧૪થી ૧૭ વર્ષની વયની કિશોરીઓમાં પ્રેમ સંબંધો અને ઘરેથી ભાગી જવાની ઘટનાઓ ગુમ થવાના મુખ્ય કારણો રહ્યા છે. માતા-પિતાનો ઠપકો, અભ્યાસમાં નિષ્ફળતા અને ગૃહકંકાસ જેવા પારિવારિક કારણો પણ મહત્વપૂર્ણ પરિબળો તરીકે જાણવા મળ્યા છે. રોજગારી માટે સ્થળાંતર કરતા મજૂર પરિવારોનાં સભ્યોનાં ગુમ થવાનાં કિસ્સા પણ જોવા મળ્યા છે. સિનિયર પોલીસ અધિકારીએ વધુમાં જણાવ્યું હતું. આ અભિયાનના ભાગરૂપે પોલીસે વર્ષ ૨૦૦૭થી નોંધાયેલા લાંબા સમયથી પેન્ડિંગ રહેલા કેસોને ફરી ખોલીને તેમની સમીક્ષા કરી હતી, જેના પરિણામે વર્ષોથી કોઈ માહિતી ન મળેલા અનેક ગુમ થયેલા વ્યક્તિઓને સફળતાપૂર્વક શોધી કાઢવામાં આવ્યા હતા. ગુજરાત પોલીસે 'ઓપરેશન મિલાપ'ની સફળતાનું શ્રેય સઘન તપાસ, ગુપ્તચર માહિતી એકત્રિત કરવી, મોબાઇલ ફોન વિશ્લેષણ, વિવિધ રાજ્યો વચ્ચેના સંકલન અને પરિવાર પરામર્શ જેવી કામગીરીને આપ્યું છે. આ પહેલ ગુજરાત પોલીસના સંવેદનશીલ અને જનકેન્દ્રિત પોલીસિંગ અભિગમને વધુ મજબૂત બનાવે છે અને ગુમ થયેલા વ્યક્તિઓના દરેક કેસના નિરાકરણ સુધી સતત ધ્યાન કેન્દ્રિત રાખવાની તેની પ્રતિબદ્ધતાને ઉજાગર કરે છે.

# મનપામાં ૨૭૪૨ RTI અરજી

## સૌથી વધુ અરજી સોલિડ વેસ્ટની ૧૦૦૧, તથા ટાઉન પ્લાનિંગ વિભાગની ૯૨૨ અરજી




રાજકોટ, તા. ૧૦

રાજકોટ મહાનગરપાલિકા હસ્તકની આરટીઆઈ વિભાગ દ્વારા જે વિગતો મળી રહી છે તે અત્યંત ચોકાવનારી છે. મળતી માહિતી મુજબ હાલ છેલ્લા એક વર્ષની વાત કરવામાં આવે તો આરટીઆઇ વિભાગ પાસે ૨૭૪૨ અરજીઓ આવેલી હતી જેમાંથી સૌથી વધુ અરજી સોલિડ વેસ્ટ વિભાગમાં ૧૦૦૧ અને ટાઉન પ્લાનિંગ વિભાગમાં ૯૨૨. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ કમિશનર બ્રાન્ચ સહિત મહાનગરપાલિકા ૩૩ બ્રાન્ચમાં કાર્ય કરી રહી છે ત્યારે આવેલી તમામ અરજીઓનો નિકાલ કઈ રીતે થાય તે અંગે ઘણા ખરા પ્રશ્નો ઉભા થયેલા છે. મળતી માહિતી મુજબ અત્યારે સૌથી વધુ ચર્ચાનો વિષય જો કોઈ હોય તો તે ટાઉન પ્લાનિંગ વિભાગની અરજીઓ છે . જેમાં એ વાતની સ્પષ્ટતા થઈ રહી છે કે રાજકોટના લોકોને ખાસ તાવતાની વિભાગની કામગીરી ઉપર સહેજ પણ ભરોસો નથી તો ઘણા ખરા કિસ્સામાં માત્ર અન્ય લોકોની પજવણી કરવાના ભાવાર્થે વિવિધ વિભાગો માટે આર. ટી.આઈ કરવામાં આવે છે. આવનારા દિવસોમાં આ અંગે યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવે તે ખૂબ જરૂરી છે દર વર્ષની અરજીઓ અંગે જો ચર્ચા કરવામાં આવે તો ૧૮૦૦ થી ૨૦૦૦ જેટલી અરજીઓ આરટીઆઇ હેઠળ થતી હોય છે પરંતુ ગત વર્ષની જો વાત કરીએ તો ૨૭૪૨ જેટલી અરજીઓ થયેલી છે. ટેક્સ વિભાગ સહિત આવાસ યોજના ની જો વાત કરવામાં આવે તો આ વિભાગમાં પણ અનેકવિધ અરજીઓ થયેલી છે ત્યારે ૩૩ વિભાગોમાંથી ૨૭૪૨ અરજીઓ આવતી હોવાથી કામગીરીનું ભારણ પણ મહાનગરપાલિકાનું વધ્યું છે. આરટીઆઈ વિભાગ દ્વારા સમગ્ર કામગીરી પેપરલેસ કરી દેવામાં આવી છે પરંતુ તેની સાથો સાથ અરજદારોને જે જવાબો આપવામાં આવતા હોય તે ફિઝિકલ કોપીમાં અપાય છે જેથી અન્ય કોઈ પ્રશ્ન તેઓને ન સતાવે. સિંગલ આંકડામાં જો કોઈ વર્ષ દરમિયાન અરજીઓ આવેલી હોય તો તે કમિશનર બ્રાન્ચ, વિજિલન્સ વિભાગ, જેએનએનયુઆરએમ, ઓડિટ વિભાગ, પ્રોજેક્ટ વિભાગ, સેન્ટ્રલ સ્ટોર વિભાગ, સુરક્ષા વિભાગ, શોપ વિભાગ અને ખુદ આરટીઆઇ વિભાગનો સમાવેશ થાય છે.

> “ટીપી વિભાગની અરજીમાં સૌથી વધુ F ફોર્મ, તથા બીયુ - કમ્પલેશન માટે લોકોએ માંગી માહિતી”

હાલ છે વિગતો મળી રહી છે તે મુજબ સોલિડ વેસ્ટ વિભાગ અને ટાઉન પ્લાનિંગ વિભાગની સંયુક્ત અરજીની વાત કરવામાં આવે તો ૧૯૨૩ અરજીઓ થયેલી છે અને બાકી રહેતા ૩૧ વિભાગોની ૮૧૯ અરજીઓ આવી છે જે સૂચવે છે કે લોકોને વધુને વધુ માહિતી મેળવવામાં જો રસ હોય તો તે સોલિડ વેસ્ટ વિભાગ અને ટાઉન પ્લાનિંગ વિભાગ છે ત્યારબાદ ત્રીજી સૌથી વધુ અરજી આવી હોય તો તે સેન્ટ્રલ ટીપી યુનિટ હેઠળની છે જેની સંખ્યા ૧૦૮ નોંધાય છે. ખરા અર્થમાં આરટીઆઈ નો જે હેતુ છે તે કેટલો સાર્થક નિવડ્યો છે તે અંગે હજી સુધી કોઈ સ્પષ્ટતા થઈ નથી પરંતુ એ વાત તો નક્કી છે કે લોકો દ્વારા આરટીઆઈ કાયદાનો ઉપયોગ જે રીતે કરી રહ્યા છે તે ઘણા ખરા હશે પ્રશ્નો ઊભા કરે છે. ઘણી ખરી અરજીઓ માત્ર કરવા ખાતર કરી દેવામાં આવતી હોય તેવું પણ સંબંધિત વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું. ત્યારે તેની સામે યોગ્ય પગલાં લેવામાં આવે તેવી પણ માંગ ઉઠી રહી છે પરંતુ આરટીઆઈ વિભાગના અધિકાર ક્ષેત્રમાં આ પ્રકારની કોઈ જોગવાઈ ન હોવાના કારણે મુક્ત મને લોકો વિવિધ અરજીઓ કરતા નજરે પડ્યા છે અને હજુ પણ આ કિસ્સામાં ઉતરોતર વધારો નોંધાય રહ્યો છે.

### સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ૧૦૦૧ અરજીઓ

આરટીઆઈ વિભાગ માં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ૧૦૦૧ અરજીઓ આવેલી છે આ અંગે આરટીઓ વિભાગના અધિકારીઓએ માહિતી આપતા જણાવ્યું હતું કે પ્રથમ વખત એવું બન્યું છે કે ૧૦૦૦ લોકોએ એકસરખો પ્રશ્ન પૂછ્યો છે. એવું બની શકે કે ₹૧,000 પ્રશ્નો પૂછવામાં આવ્યા હોય અથવા તો વિગત મેળવવામાં આવેલી હોય પરંતુ આ વખતે પરિસ્થિતિ કંઈક અલગ જ છે કારણકે મહાનગરપાલિકાના સંબંધ વિભાગના અધિકારીઓએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે જે અરજીનો આંકડો જોવા મળ્યો છે તેમાં માત્ર એક જ પ્રશ્ન ૧૦૦૦ લોકોએ પૂછ્યો છે જે સૂચિત કરે છે કે કોઈકની દોરવણીથી જ આ શક્ય બન્યું હોય. અગાઉ પણ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ હેઠળ ઘણી ખરી અરજીઓ આવતી હતી પરંતુ જે રીતે ગત વર્ષમાં રાફડો ફાટ્યો છે તે જોતા એ વાત સ્પષ્ટ થઈ છે કે ક્યાંક ને ક્યાંક પગારના મુદ્દે અરજીઓ સફાઈ કામદારો દ્વારા કરવામાં આવેલી છે જેનો હેતુ હજુ સુધી સ્પષ્ટ થયો નથી.

### ટાઉન પ્લાનિંગ વિભાગ માટેની ૯૨૨ અરજીઓ

રાજકોટ મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગની કામગીરી અંગે ઘણા ખરા પ્રશ્નો ઉભા થયેલા છે. અને પરિણામ સ્વરૂપે મનપાની છબી પણ ખરડાઈ છે. જેને ધ્યાને લઈ રાજકોટના રહેવાસીઓ દ્વારા વિવિધ મુદ્દે ટાઉન પ્લાનિંગ વિભાગ હેઠળ અરજીઓ કરવામાં આવી રહી છે જેમાં એફ ફોર્મ, બિલ્ડીંગ પ્લાન, બીયુ સર્ટિફિકેટ અથવા તો કમ્પલેશન સર્ટિફિકેટ અંગેની માહિતી મેળવવામાં આવી રહી હોવાનું પણ માલુમ પડ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર રાજકોટમાં ઘણા ખરા હાયરાઈઝ બિલ્ડીંગો ઊભા થયેલા છે ત્યારે ઘણાખરામાં બીયુ સર્ટિફિકેટ તથા કમ્પલેશન સર્ટિફિકેટ સહિત કેટલા માળની મંજૂરી મળેલી છે તે અંગે પણ ઘણી ખરી અરજીઓ વિવિધ લોકો દ્વારા કરવામાં આવેલી છે . રાજકોટમાં ટાઉન પ્લાનિંગ વિભાગની જે કામગીરી થયેલી છે તે અંગે પણ ઘણી માહિતીઓ આરટીઆઇ હેઠળ મંગાવવામાં આવેલી હોવાનું જાણવા મળ્યું છે. હાલ કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે તે અંગે ટાઉન પ્લાનિંગ વિભાગ પાસે હજી કોઈ સ્પષ્ટ આંકડો નથી તેવું પણ સંબંધિત વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું . કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે તે અંગે પણ હજુ સુધી કોઈ સ્પષ્ટતા થઈ નથી.

### વિવિધ વિભાગ હેઠળ આવેલી અરજી

| શાખાનું નામ | કુલ અરજીઓ |
|---|---|
| કમિશનર બ્રાંચ | ૦૫ |
| સેક્રેટરી વિભાગ | ૧૭ |
| જી.એ.ડી.વિભાગ | ૩૩ |
| ટેક્સ વિભાગ | ૯૬ |
| આવાસ યોજના | ૪૫ |
| મહેકમ વિભાગ | ૭૩ |
| ગાર્ડન વિભાગ | ૧૯ |
| વિજીલન્સ વિભાગ | ૦૭ |
| ઈ.ડી.પી.વિભાગ | ૧૩ |
| હિસાબી વિભાગ | ૧૩ |
| વોટર વર્કસ વિભાગ | ૧૦ |
| જે.એન.એન.યુ.આર.એમ. | ૦૪ |
| બાંધકામ વિભાગ | ૮૧ |
| ઓડીટ વિભાગ | ૦૫ |
| રોશની વિભાગ | ૧૧ |
| આરોગ્ય વિભાગ | ૬૩ |
| સોલી ડવેસ્ટ વિભાગ | ૧૦૦૧ |
| લીગલ વિભાગ | ૧૦ |
| સાંસ્કૃતિક વિભાગ | ૧૪ |
| આઈ.સી.ડી.એસ વિભાગ | ૧૫ |
| ટાઉન પ્લાનીંગ વિભાગ | ૯૨૨ |
| દબાણ હટાવ શાખા | ૧૮ |
| એ.એન.સી.ડી.વિભાગ | ૧૭ |
| ચૂંટણી વિભાગ | ૧૬ |
| એસ્ટેટ શાખા | ૩૩ |
| પ્રોજેક્ટ વિભાગ | ૦૬ |
| સેન્ટ્રલ સ્ટોર વિભાગ | ૦૨ |
| સુરક્ષા વિભાગ | ૦૬ |
| ફાયર બ્રિગેડ વિભાગ | ૩૬ |
| શોપ વિભાગ | ૦૪ |
| સેન્ટ્રલ ટી.પી.યુનીટ | ૧૦૮ |
| આર.ટી.આઈ.વિભાગ | ૦૨ |
| આવાસ ટેકનીકલ | ૩૭ |

# સર્વરના ધાંધિયાએ માજા મૂકી

## જન્મ મરણની કામગીરી સદંતર ઠપ્પ થતા લોકો રોષે ભરાયાઃ મેયર ઉતર્યા મેદાને




રાજકોટ, તા. ૧૦

રાજકોટ મહાનગરપાલિકાના જન્મ મરણ વિભાગની કામગીરી અંગે ઘણા ખરા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે લોકોએ ભારે હેરાનગતિનો સામનો પણ કરવો પડી રહ્યો છે આ પ્રશ્ન છેલ્લા એકાદ દિવસનો નહીં પરંતુ છેલ્લા લાંબા સમયથી જોવા મળ્યો છે. ત્યારે જન્મ મરણના દાખલા માટે શરૂ થયેલી નવી અગવડતા ને દૂર કરવા માટે તંત્ર મથી રહ્યું છે પરંતુ તેનો યોગ્ય ઉકેલ આજદિન સુધી આવી શક્યો નથી. મળતી માહિતી મુજબ ગઈકાલે સર્વર સંપૂર્ણપણે ઠપ થઈ જતા આવેલા અરજદારોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. રાજય સરકાર અને હવે કેન્દ્ર સરકારના સીઆરએસ પોર્ટલ પર જ હવે દાખલાની કામગીરી કરવાનું જણાવવામાં આવ્યું છે પરંતુ કોઈ પણ રીતે જે કામ થવું જોઈએ તે ઝડપથી ન થતા લોકોને હેરાનગતિનો સામનો કરવો પડે છે.

ગઈકાલે મેયર ડો.નેહલ શુકલ અને શાસક નેતા ડો. હિરેન ખીમાણીયા બંને પદાધિકારીઓ ફરી અધિકારીઓને લઈને નાગરિક સુવિધા કેન્દ્રમાં પહોંચ્યા હતા. સર્વરમાં ધાંધીયા વચ્ચે ગઈકાલે તો સર્વર સદંતર ડાઉન થઇ ગયું હતું. એક પણ દાખલાની કામગીરી થઇ શકી ન હતી અને વિભાગ દ્વારા કેન્દ્ર બહાર પોર્ટલમાં ટેકનીકલ ખામીના કારણે સદંતર કામ બંધ હોવાના બોર્ડ મારવા પડયા હતા.

મેયરે પણ નિરાંતે ૧૦ મીનીટ લોકોને સાંભળ્યા હતા અને ગાંધીનગરથી માંડી દિલ્હી કેન્દ્રીય મંત્રી સુધી આ વાત પહોંચાડયાનું કહ્યું હતું. નવા પોર્ટલમાં આ ડેટા હંગામી ધોરણે સ્ટોર કરવામાં આવ્યો છે. આ હંગામી પોર્ટલ પરથી રાજકોટના સિવિક સેન્ટરમાં માત્ર એક કોમ્પ્યુટરમાં લોગ-ઇન થાય છે. હાલ દૈનિક માત્ર ૧૦૦ ટોકન પરથી સોએક એન્ટ્રી જ થાય છે. જે કામ અગાઉ ૭ થી ૮ ગણુ થતું હતું. તેવામાં આજે તો કામ સદંતર બંધ થઇ ગયું હતું. વળી પોર્ટલ અને સર્વરના ધાંધીયાના કારણે ત્રણ-ચાર એન્ટ્રી થાય એટલે ચોથી એન્ટ્રીમાં તો એરર આવી જાય છે.

વધુમાં મેયરે જન્મ-મરણ રજીસ્ટ્રારને કહ્યું હતું કે, લોકોની અરજી લઇને ન માત્ર મેઇલથી જાણ કરવા પરંતુ હવે લોકોને સમય અને તારીખ આપીને મોબાઇલ ફોન કરીને કોર્પો.એ ધકકો ખાવા વ્યવસ્થા ગોઠવવાની છે. આથી અધિકારી પ્રેરીત જોશી દ્વારા અરજી સાથે લોકોના મોબાઇલ નંબર લેવાનું પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. ટોકનમાં સમય અને તારીખ આપવામાં આવી રહી છે. તો અરજી સાથે લોકોનો મોબાઇલ ફોન નંબર લઇને તેઓને જાણ કરવામાં આવશે તેમ કહ્યું હતું.

# કોઠારીયામાં થતી ગેરરીતિના આક્ષેપ બાદ તપાસ

રાજકોટ, તા. ૧૦

રાજ્ય સરકારના ચોક્કસ આદેશથી હાલ તમામ સરકારી વિભાગો દ્વારા સરકારી જગ્યા પર દબાણો થયેલા હોય તેને દૂર કરવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે ત્યારે થોડા દિવસો પૂર્વે છે રાજકોટ તાલુકા મામલતદાર દ્વારા કોઠારીયાની સરકારી જમીન પરના ૧૦૦ જેટલા દબાણો મામલે નોટિસ પાઠવવામાં આવી હતી. જે બાદ ગઈકાલે કોઠારીયાના લોકોએ જિલ્લા કલેકટરને રૂબરૂ મળી રજૂઆત કરી હતી. જેમાં કલેકટરને રૂબરૂ મળી રજુઆત કરતા જણાવ્યું હતું કે, રાજકોટ નજીકના કોઠારિયા ગામમાં જમીન કૌભાંડ, મફત પ્લોટ અને અન્ય સરકારી યોજનાઓમાં મોટા પાયે ગેરરીતિઓ આચરાઈ હોવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે.

આ મામલે લેખિતમાં રજૂઆત કરનાર સનિષ એમ. સાગઠિયા અને અન્ય ગ્રામજનોએ તંત્ર સામે આકરા પ્રહાર કર્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, કોઠારિયા ગામ જે ૨૦૧૪માં રાજકોટ મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થયું, ત્યાં ૧૯૯૦ના દાયકાથી જમીન કૌભાંડો ચાલતા હોવાનો આક્ષેપ છે. આક્ષેપકર્તાઓના જણાવ્યા મુજબઃ ૧૮૩૫ એકર સરકારી જમીન બારોબાર વહેંચી દેવામાં આવી છે.

મફત પ્લોટ, શૌચાલય અને બી.પી.એલ. યોજનાઓમાં કૌભાંડ થયું છે.



**કલેકટરે સંબંધિત વિભાગના અધિકારીઓને તપાસના આપી આદેશ : ગ્રામજનોએ ઠાલવી હૈયાવરાળ**

સરકારી તંત્ર દ્વારા જવાબદારો સામે પગલાં લેવાને બદલે તેમને છાવરવામાં આવે છે. અરજદારોનો આક્ષેપ છે કે અનેક રજૂઆતો અને અનુસૂચિત જાતિ આયોગના પત્રો છતાં કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. ભ્રષ્ટાચારીઓને પ્રમોશન અને મોટા હોદ્દાઓ આપવામાં આવતા હોવાથી રોષે ભરાયેલા ગ્રામજનોએ હવે આત્મવિલોપનનું શસ્ત્ર ઉગામ્યું છે. જો વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક યોગ્ય તપાસ અને કાર્યવાહી કરવામાં નહીં આવે, તો આગામી સમયમાં કલેક્ટર કચેરી રાજકોટ ખાતે સામુહિક આત્મવિલોપન કરવાની ચીમકી અરજદારોએ આપી છે.ત્યારે, કલેકટરે રજુઆતકર્તાઓને સાંભળ્યા બાદ તપાસનાં આદેશ જવાબદાર અધિકારીઓને કર્યા હતા.

# જંગલેશ્વરના ૧૩૯૮ મકાનો માટે ફરી મુદત



## રહેવાસીઓએ વૈકલ્પિક વ્યવસ્થા માટે મનપામાં લગાવી ગુહાર

રાજકોટ, તા..૧૦

જંગલેશ્વરના ડિમોલિશન અંગે અનેકવિધ પ્રશ્નો ભૂતકાળમાં ઊભા થયા હતા તેમ છતાં વહીવટી વિભાગ અને મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે પ્રથમ તબક્કામાં ૧૫૦૦ બાંધકામો તોડી પાડવામાં આવ્યા હતા ત્યારે હજુ પણ કલેક્ટર હસ્તકની જગ્યા પર જે બાંધકામો ખડકી દેવાયા છે તેનું ડિમોલિશન પણ હાથ ધરવામાં આવશે તેવી વાત હાલ સામે આવી છે.

ત્યારે જે જે મિલકતોનું ડિમોલિશન થયું અને જે જે લોકો ત્યાં વસવાટ કરતા હતા તેઓને આજ દિન સુધી વૈકલ્પિક વ્યવસ્થા આપવામાં આવી નથી એટલું જ નહીં અન્ય વિસ્તારોમાં પણ કોઈ ભાડે મકાન આપતા ન હોવાની સ્થિતિ ઊભી થઈ છે ત્યારે યોગ્ય આશરો મળે તે હેતુસર તંત્રને અનેક વખત રજૂઆતો કરવામાં આવેલી છે પરંતુ તેનો કોઈ યોગ્ય ઉકેલ હજુ સુધી મળ્યો નથી..

ટીપીનાં રોડના કામ માટે તૈયારી ચાલી રહી છે. ભવિષ્યમાં રિવરફ્રન્ટને કામ આવે તેવી નદીના પટની કામગીરી બાદમાં હાથ પર લેવાશે.માંડ ૨૦ ફૂટ બચેલો રોડ કાટમાળ હટયા બાદ પાકો ૫૦ ફૂટનો બનાવવામાં આવનાર છે. દરમિયાન મનપાની ચૂંટણી પૂરી થતા જ હવે જંગલેશ્વર ડિમોલિશન પાર્ટ-૨ની કલેકટર તંત્ર દ્વારા તૈયારી ચાલતી હોવાનું કહેવાય છે. મનપાની માલિકીની જમીન અને ટીપીના રોડ ખુલ્લા કરવામા આવ્યા બાદ હવે સરકારની જગ્યા એટલે કે કલેકટર તંત્ર હસ્તકની જમીન પર ખડકાયેલા બાંધકામ દૂર કરવા માટેની વહીવટી પ્રક્રિયા ચાલી રહી છે. સંભવિત અસરગ્રસ્તોએ આ ડિમોલિશન અટકાવવા માટે અદાલતના દરવાજા પણ ખટખટાવ્યા હતા. કોર્ટે હંગામી સ્ટે આપ્યો હતો. સ્ટે એવા મતલબનો હતો કે, પહેલા અરજદારોને સાંભળવાની તક આપો. અરજદારોનું હીયરીંગ પણ થઇ ચુક્યુ છે. કોર્ટમાં ફરી મુદત પડી હોવાનું પણ મામલતદાર એ જણાવ્યું હતું. ત્યારે એ વાત સ્પષ્ટ છે કે હવે તંત્ર સુ પગલાં લેશે અને વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવાનો છે નિર્ણય લેવામાં આવ્યો છે તે અંગે કલેકટર વિભાગ દ્વારા ક્યા પ્રકારના પગલાં લેવાશે. પરંતુ પોતાનો આશ્રય છીનવાઈ જવાના ડરથી જંગલેશ્વરના રહેવાસીઓએ મહાનગરપાલિકામાં રજૂઆત કરી હતી અને ન્યાય મેળવવા માટે ગુહાર પણ લગાવી હતી.

દરમિયાન જંગલેશ્વરના ડિમોલિશનગ્રસ્ત રહેવાસીઓ મનપા કચેરીએ આવ્યા હતા. મહિલાઓ સહિત મોટી સંખ્યામાં કચેરીમાં ધામા નાંખ્યા હતા. તેમાથી ૧૦થી૧૫ વ્યક્તિનું પ્રતિનિધિ મંડળ મેયર ડો.નેહલ શુક્લને મળ્યુ હતુ. મનપાની આવાસ યોજનામાં ક્વાર્ટરની ફાળવણી કરવા માટે અસરગ્રસ્તોએ માગણી કરી હતી. મેયરે પ્રત્યુતર આપતા કહ્યુ હતુ કે, અસરગ્રસ્તોને અન્યાય નહીં થાય. સરકારી આવાસ માટે પાત્રતા ધરાવતા હોય તેવા તમામ પરિવાર ફ્લેટ માટે ફોર્મ ભરી શકશે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# ભારેખમ ભણતર

## ખાનગી શિક્ષણ માત્ર મોંઘુ જ નથી, ભારે પણ છેઃ ખર્ચ-વજન અસહ્ય



ઉનાળાનું વેકેશન પૂર્ણ થતાં જ શાળાઓ ફરી ધમધમી ઊઠી છે. ચારેય તરફ બાળકોનો કિલ્લોલ જોવા મળી રહ્યો છે. પરંતુ આ કિલ્લોલ પાછળ વાલીઓની ચિંતા અને બાળકોની પીડા છુપાયેલી છે.

મોંઘવારીના આ યુગમાં ખાનગી શિક્ષણ સામાન્ય પરિવાર માટે અસહ્ય બની ગયું છે. વાલીઓને ફી અને સ્ટેશનરીના નામે મોંઘવારીનો મોટો ડામ લાગી રહ્યો છે. બીજી તરફ, ફલડાં જેવા કોમળ બાળકોની દશા કોઈ મજૂર જેવી થતી જોવા મળે છે.

એક સમય હતો જ્યારે ગુજરાતમાં શાસકોએ પભાર વગરના ભણતરથનું સુંદર વચન આપ્યું હતું. નીતિઓ ઘડાઈ હતી કે બાળકો પર પુસ્તકોનો બોજ ઓછો કરવામાં આવશે. પરંતુ વાસ્તવિકતા તદ્દન અલગ અને ચોંકાવનારી છે. આજે ભણતર પહેલાં કરતાં વધુ ભારેખમ બન્યું હોય તેમ સ્પષ્ટ દેખાય છે.

ધોરણ ૧ થી ૮ના પાઠ્યપુસ્તકો, સંદર્ભ પુસ્તકો અને અન્ય સાહિત્યની યાદી જુઓ તો અધધધ થઈ જવાય છે. સાવ નાના બાળકોને આટલા બધા સાહિત્યની ખરેખર શું જરૂર છે? તે એક મોટો પ્રશ્ન છે.

શિક્ષણ હવે માત્ર જ્ઞાનનું માધ્યમ નથી રહ્યું, પણ એક મોટો વેપાર બની ગયું છે. સાહિત્ય અને સ્ટેશનરી ખરીદવાના નામે ઉપરથી નીચે સુધી આખું સેટિંગ ચાલતું હોય તેમ લાગે છે. શાળાઓ ચોક્કસ દુકાનો કે બ્રાન્ડ્સ નક્કી કરી દે છે.

વાલીઓ મજબૂરીમાં મોંઘા ભાવની વસ્તુઓ ખરીદવા મજબૂર બને છે. બાળકોને સ્માર્ટ અને આધુનિક બનાવવાના નામે ખાનગી શિક્ષણ અત્યંત તણાવયુક્ત અને મોંઘુદાટ બની રહ્યું છે.

ભણતરના આ અંધાધૂંધ વ્યાપારીકરણમાં નિયમોના સરેઆમ ધજાગરા ઊડી રહ્યા છે. અથવા તો એવું લાગે છે કે બનેલા નિયમો જ છીંડીવાળા અને નબળા છે, જેનો ફાયદો સંચાલકો ઉઠાવે છે.

નિયમોનું પાલન કરાવનાર તંત્રની આંખો બંધ છે. તંત્રની આ નિષ્ક્રિયતા વચ્ચે વાલીઓ એકલા પડી ગયા છે. વિદ્યાર્થી સંગઠનો અને વાલીઓ મૂંગા મોઢે આ બધું સહન કરી રહ્યા છે.

કોઈ મજબૂત વિરોધ ન થવાને કારણે જ આજે નિર્દોષ બાળકોની દશા મજૂર જેવી બની ગઈ છે. સવારના સમયે ભારેખમ દફતર ઊંચકીને જતા બાળકો શિક્ષણ વ્યવસ્થાની લાચારી દર્શાવે છે.

આ આર્થિક અને શારીરિક બોજમાંથી બાળકો અને વાલીઓને ક્યારે મુક્તિ મળશે, તે હવે જોવાનું રહ્યું.

# દવાઓના નામે 'મૃત્યુનો ધંધો'

## CBIએ ૫૦૦૦ કરોડના કૌભાંડનો કર્યો પર્દાફાશ




નવીદિલ્હી, તા. ૧૦

સીબીઆઈએ ₹૫,૦૦૦ કરોડના નકલી દવા કેસમાં મોટા ભ્રષ્ટાચારના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. આ ખુલાસો તપાસ એજન્સીની એફઆઈઆર અને રિમાન્ડ નોટમાં કરવામાં આવ્યો છે. સીબીઆઈએ તાજેતરમાં દિલ્હી પોલીસ ક્રાઈમ બ્રાન્ચના ઈન્સ્પેક્ટર પ્રદીપ કુમાર સિંહ અને તેમના કથિત સહયોગી રાજકુમાર ઉર્ફે મદનરાજની ધરપકડ કરી હતી. તે કેસમાં એફઆઈઆરમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે બંનેએ સીબીઆઈ તપાસના નામે પુડુચેરી નકલી દવા કૌભાંડના મુખ્ય આરોપીને રાહત આપવાના બદલામાં કરોડો રૂપિયાની લાંચની વાટાઘાટો કરી હતી. એફઆઈઆર અને રિમાન્ડ નોટ અનુસાર, નકલી દવા રેકેટના મુખ્ય આરોપી એન. રાજા ઉર્ફે વલ્લિયપ્પન ઉર્ફે રાજશેખર, અનેક કેસોમાં સીબીઆઈ દ્વારા તપાસ હેઠળ છે.

આ કેસોમાં તરફેણ મેળવવા માટે, દિલ્હી પોલીસ ઈન્સ્પેક્ટર પ્રદીપ સિંહ, રાજકુમાર અને અન્ય લોકોએ કથિત રીતે સેટઅપ બનાવ્યું હતું. આરોપીઓને ખાતરી આપવામાં આવી હતી કે તેઓ પ્રભાવશાળી સરકારી અધિકારીઓ અને સીબીઆઈ અધિકારીઓ સાથે તેમના કથિત પ્રભાવનો ઉપયોગ કરીને તપાસમાં રાહત મેળવી શકે છે. તપાસમાં બહાર આવ્યું છે કે આ કથિત સોદા માટે ₹૩ કરોડની લાંચ માંગવામાં આવી હતી, જેમાં ₹૧.૫ કરોડની એડવાન્સ રકમનો સમાવેશ થાય છે. FIR મુજબ, આરોપી એન. રાજાએ આ પૈસા એકઠા કરવાની શરૂઆત કરી અને હવાલા દ્વારા ₹૧ કરોડ દિલ્હી મોકલવાની વ્યવસ્થા કરી.


CBIએ કોર્ટને જાણ કરી કે ₹૧ કરોડ હવાલા ચેનલ દ્વારા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. ઈન્સ્પેક્ટર પ્રદીપ સિંહે આ રકમ કથિત રીતે મેળવી હતી, જેમાંથી ₹૫૦ લાખ અન્ય વ્યક્તિ, પ્રભાતને આપવામાં આવ્યા હતા, જ્યારે ₹૨૫ લાખ રાખવામાં આવ્યા હતા. ત્યારબાદની કાર્યવાહી દરમિયાન, પ્રદીપ સિંહ અને રાજકુમારને ₹૨૪.૭૦ લાખ રોકડા સાથે પકડવામાં આવ્યા હતા.

CBI અનુસાર, ૧૪ મેના રોજ, ગ. રાજા, રાજકુમાર અને અન્ય લોકોને એરોસિટીમાં એક વરિષ્ઠ સરકારી અધિકારીને મળવાનું આયોજન કરવામાં આવ્યું હતું. અધિકારીએ કથિત રીતે તેમને CBI તપાસમાં અનુકૂળ કાર્યવાહીની ખાતરી આપી હતી. કોર્ટમાં રજૂ કરાયેલા દસ્તાવેજોમાં, CBIએ દાવો કર્યો હતો કે તપાસ દરમિયાન, અધિકારીને દિલ્હીમાં તૈનાત એક વરિષ્ઠ અધિકારી તરીકે ઓળખવામાં આવ્યો હતો. ૯ જૂનના રોજ, બંને આરોપીઓને રાઉઝ એવન્યુ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. CBIએ કોર્ટ પાસેથી સાત દિવસના પોલીસ રિમાન્ડની માંગણી કરી હતી, દલીલ કરી હતી કે કેસમાં સંડોવાયેલા અન્ય સરકારી અધિકારીઓને ઓળખવા, લાંચના નાણાંના સમગ્ર ટ્રેઈલની તપાસ કરવા અને ડિજિટલ પુરાવા ચકાસવા માટે પૂછપરછ જરૂરી છે. કોર્ટે સીબીઆઈની દલીલો સાથે સંમત થઈને બંને આરોપીઓને એક દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલ્યા.

બીજી તરફ, ઈન્સ્પેક્ટર પ્રદીપ સિંહે કોર્ટમાં દાવો કર્યો હતો કે તેમને ખોટી રીતે ફસાવવામાં આવ્યા છે અને તેમણે લાંચ માંગી નથી. બચાવ પક્ષે પોલીસ રિમાન્ડનો વિરોધ કર્યો હતો, પરંતુ કોર્ટે તપાસની જરૂરિયાત દર્શાવીને સીબીઆઈ કસ્ટડી મંજૂર કરી હતી. નોંધપાત્ર રીતે, પુડુચેરીમાં આ નકલી દવા કૌભાંડ દેશના સૌથી મોટા ફાર્મા છેતરપિંડીના કેસોમાંનું એક માનવામાં આવે છે. તપાસ એજન્સીઓ અનુસાર, આ નેટવર્કે મોટી માત્રામાં નકલી અને બનાવટી દવાઓનું ઉત્પાદન અને સપ્લાય કર્યું હતું. સીબીઆઈ હવે તપાસ કરી રહી છે કે આરોપીઓને બચાવવા અને તપાસને પ્રભાવિત કરવા માટે આ લાંચ યોજનામાં બીજું કોણ સામેલ હતું.

# સરહદ પર ભારતની ગર્જના

## સેના વધુ ૩૦૦ K9 વજ્ર તોપો ખરીદશેઃ ચીન- પાકિસ્તાન બોખલાયું



નવીદિલ્હી, તા.૧૦

ભારતીય સેના તેની લાંબા અંતરની ફાયરપાવર અને ફાસ્ટ-મોબાઇલ આર્ટિલરી ફોર્સને મજબૂત બનાવવા માટે ૩૦૦ થી વધુ ઊં૯ વજ્ર સ્વ-સંચાલિત હોવિત્ઝર ખરીદવાની તૈયારી કરી રહી છે. આશરે ₹૨૩,૦૦૦ કરોડના આ સંભવિત સોદાને દાયકાઓમાં ભારતીય સેનાની સૌથી મોટી આર્ટિલરી ખરીદી માનવામાં આવે છે. સંરક્ષણ અને સુરક્ષા સૂત્રોના જણાવ્યા અનુસાર, આ દરખાસ્ત આ અઠવાડિયે મંજૂરી માટે સંરક્ષણ પ્રાપ્તિ બોર્ડ (ઉડ્ઢ) સમક્ષ રજૂ કરવામાં આવે તેવી અપેક્ષા છે. જો મંજૂરી મળે, તો ઓર્ડર એક ભારતીય કંપનીને આપવામાં આવે તેવી શક્યતા છે જે દક્ષિણ કોરિયન કંપની સાથે મળીને ભારતમાં ઊં૯ વજ્ર હોવિત્ઝરનું ઉત્પાદન કરે છે. આ નવા સોદાથી ક્ઝ દ્વારા ઉત્પાદિત ઊં૯ વજ્ર હોવિત્ઝરની કુલ સંખ્યા ૫૦૦ થી વધુ થઈ જશે. આ ભારતીય સેનાની આર્ટિલરી આધુનિકીકરણ યોજનામાં એક મોટું પગલું માનવામાં આવે છે.

ઊં૯ વજ્ર એક ૧૫૫ળળ/૫૨-કેલિબર ટ્રેક્ડ સ્વ-સંચાલિત હોવિત્ઝર ગન છે, જે ૪૦ કિલોમીટરથી વધુ ચોકસાઈથી પ્રહાર કરવા સક્ષમ છે. તેની સૌથી નોંધપાત્ર વિશેષતા તેની શૂટ-એન્ડ-સ્કૂટ ક્ષમતા છે, જે તેને દુશ્મન સાથે લડ્યા પછી તરત જ પોતાને ફરીથી ગોઠવવાની મંજૂરી આપે છે. આનાથી દુશ્મનનો બદલો ટાળવાનું સરળ બને છે. સેના માને છે કે ટ્રેક્ડ સ્વ-સંચાલિત હોવિત્ઝર પરંપરાગત ટોવ્ડ હોવિત્ઝર કરતાં વધુ ઝડપથી આગળ વધી શકે છે અને યુદ્ધના મેદાનમાં વધુ અસરકારક સાબિત થાય છે. ભારતીય સેનાએ સૌપ્રથમ ૨૦૧૭ માં ક્ઝ સાથે આશરે ₹૪,૫૦૦ કરોડના ૧૦૦ ઊં૯ વજ્ર હોવિત્ઝરની ખરીદી માટે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ બંદૂકોની ડિલિવરી ૨૦૨૧ માં સમયપત્રક પહેલાં પૂર્ણ થઈ હતી. તે મુખ્યત્વે પશ્ચિમ સરહદના રણ વિસ્તારોમાં તૈનાત છે. ત્યારબાદ, ડિસેમ્બર ૨૦૨૩ માં, સંરક્ષણ મંત્રાલયે ૧૦૦ વધારાના ઊં૯ વજ્ર હોવિત્ઝર માટે આશરે ₹૭,૬૦૦ કરોડના બીજા કરારને મંજૂરી આપી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, નવી ખરીદીનું મુખ્ય કારણ પશ્ચિમ સરહદ તેમજ ચીન સાથે વાસ્તવિક નિયંત્રણ રેખા (કઅઈ) પર સેનાની તોપખાના ક્ષમતાઓને મજબૂત બનાવવાનું છે. લદ્દાખમાં ઊં૯ વજ્રના ખાસ ઠંડા હવામાન સંસ્કરણનું પણ પરીક્ષણ કરવામાં આવ્યું હતું, અને તેનું પ્રદર્શન સંતોષકારક હોવાનું જાણવા મળ્યું હતું. સેના માને છે કે ઊંચાઈવાળા વિસ્તારોમાં તેની તૈનાતી ભારતીય સેનાની ફાયરપાવર અને ઉત્તરીય મોરચે ગતિ બંનેમાં નોંધપાત્ર સુધારો કરશે. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ખરીદી ભારતીય સેનાની મોબાઈલ અને લાંબા અંતરની તોપખાનાની ક્ષમતાઓને નોંધપાત્ર રીતે મજબૂત બનાવશે. આને વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ માનવામાં આવે છે, ખાસ કરીને ચીન અને પાકિસ્તાન સરહદો પર ઝડપથી બદલાતા સુરક્ષા વાતાવરણને ધ્યાનમાં રાખીને. ભારતીય સેના ₹૨૩,૦૦૦ કરોડમાં ૩૦૦ થી વધુ ઊં૯ વજ્ર સ્વ-સંચાલિત હોવિત્ઝર ખરીદવાની તૈયારી કરી રહી છે. આ દાયકાઓમાં સૌથી મોટો સંરક્ષણ સોદો માનવામાં આવે છે. આ સોદા સાથે, ઊં૯ વજ્ર તોપોની સંખ્યા ૫૦૦ થી વધુ થઈ જશે.

# સરહદ પર હાઈટેક સુરક્ષા કવચ

## સ્વદેશી એન્ટી-ડ્રોન સિસ્ટમ ઘૂસણખોરી, ડ્રોન અને દાણચોરીને રોકશે



નવીદિલ્હી, તા..૧૦

ભારતે સરહદ સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે સ્વદેશી એન્ટી-ડ્રોન સિસ્ટમ વિકસાવી છે. આ અત્યાધુનિક સિસ્ટમ ટૂંક સમયમાં સરહદી વિસ્તારોમાં તૈનાત કરવામાં આવશે જ્યાં તાજેતરના વર્ષોમાં ડ્રોન પ્રવૃત્તિ અને હથિયારોની દાણચોરીમાં વધારો જોવા મળ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે નવી ટેકનોલોજી દેશની સરહદોને વધુ સુરક્ષિત અને આધુનિક બનાવવામાં મદદ કરશે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, કેન્દ્ર સરકાર સ્માર્ટ બોર્ડર ગ્રીડ ટેકનોલોજી પર પણ ઝડપથી કામ કરી રહી છે. આ સિસ્ટમ ડ્રોન ઘૂસણખોરી, શંકાસ્પદ પ્રવૃત્તિઓ અને સરહદ પારના હુમલાઓનું નિરીક્ષણ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તે સ્માર્ટ સેન્સર, રડાર, હાઈ-ટેક કેમેરા અને ડિજિટલ સર્વેલન્સ નેટવર્કને એકીકૃત કરશે. પંજાબ, જમ્મુ અને કાશ્મીર અને અન્ય સરહદી વિસ્તારોમાં તાજેતરમાં ડ્રોન પ્રવૃત્તિમાં વધારો જોવા મળ્યો છે. ઘણા કિસ્સાઓમાં, ડ્રોનનો ઉપયોગ કરીને શસ્ત્રો, માદક દ્રવ્યો અને વિસ્ફોટકો મોકલવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. આ પડકારોને ધ્યાનમાં રાખીને, કેન્દ્ર સરકારે સ્વદેશી એન્ટી-ડ્રોન ટેકનોલોજી અને સ્માર્ટ બોર્ડર પ્રોજેક્ટ પર કામ ઝડપી બનાવ્યું છે.

આધુનિક યુગના પડકારો ફક્ત પગ દ્વારા ઘૂસણખોરી સુધી મર્યાદિત નથી; તેઓ ટેકનોલોજીકલ અને હાઈબ્રિડ યુદ્ધમાં વિકસિત થયા છે. આનો સામનો કરવા માટે, કેન્દ્ર સરકાર સ્માર્ટ બોર્ડર ગ્રીડ અને નસ્ત્રઅભેદ્ય સુરક્ષા ગ્રીડસ્ત્રસ્ત્ર વિકસાવી રહી છે. આમાં ચાર સ્તંભો ધરાવતી ચાર-પાંખી સુરક્ષા પરિમિતિ બનાવવાનો સમાવેશ થાય છે. ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે સરહદ સુરક્ષા હવે એકલા હાથે સંભાળી શકાતી નથી. જ્યાં સુધી સુરક્ષા દળો, સ્થાનિક વહીવટ, પોલીસ અને જનતા એક ટીમ તરીકે સાથે કામ ન કરે ત્યાં સુધી સંપૂર્ણપણે સુરક્ષિત સરહદનું વિઝન પ્રાપ્ત કરી શકાતું નથી. સૂત્રો સૂચવે છે કે સ્માર્ટ બોર્ડર પ્રોજેક્ટ હવે તેના અંતિમ તબક્કામાં છે. શરૂઆતમાં, તે દેશભરની વિવિધ સરહદો પર સાતથી આઠ સંવેદનશીલ સ્થળોએ લાગુ કરી શકાય છે. પાયલોટ પ્રોજેક્ટ દરમિયાન, તકનીકી અને સુરક્ષા પડકારોનું મૂલ્યાંકન કરવામાં આવશે, ત્યારબાદ તેને તબક્કાવાર રીતે સમગ્ર સરહદ પર વિસ્તૃત કરવાની યોજના છે. સંરક્ષણ સૂત્રો અને ગૃહ મંત્રાલયની સત્તાવાર મુલાકાતોના સંકેતોના આધારે, પ્રોજેક્ટની રૂપરેખાને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે.પાયલોટ તબક્કોઃ એન્ટી-ડ્રોન ટેકનોલોજીના પરીક્ષણો અને નસ્ત્રસ્માર્ટ બોર્ડરસ્ત્રસ્ત્ર યોજનાનો અંતિમ તબક્કો ૨૦૨૬ ની અંદર શરૂ થશે. એકવાર પાયલોટ પ્રોજેક્ટ સફળ થઈ જાય અને પ્રારંભિક તકનીકી પડકારો દૂર થઈ જાય, પછી તે સમગ્ર સરહદ નેટવર્કમાં, ખાસ કરીને પંજાબ, જમ્મુ અને કાશ્મીર અને ઉત્તરપૂર્વમાં લાગુ કરવામાં આવશે. સ્વદેશી સંરક્ષણ કંપનીઓના સહયોગથી વિકસિત આ સમગ્ર ઈકોસિસ્ટમ ભારતને સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવવા અને સરહદોને નસ્ત્રઅભેદ્યસ્ત્રસ્ત્ર બનાવવા માટે એક સીમાચિહ્નરૂપ સાબિત થશે.

# શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

## શીર્ષક ચિંતનની ક્ષણે

### કૃષ્ણ કીર્તન વિના નર સદા સૂતકી! આ રચનામાં નરસિંહ નસ્ત્રગર્ભજોગીસ્ત્રસ્ત્ર શબ્દ કેમ પ્રયોજ્યો??



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ભારત વિકાસનાં પંથે ચોક્કસ છે! પણ દેશ સર્વાંગી વિકાસને સાધી શકતો નથી! એનું કારણ અસમાનતા તો છે જ, પરંતુ આપણું ધર્મ પ્રત્યેનું અજ્ઞાન વધુ કારણભૂત છે! અત્યાધુનિક સમાજમાં પણ ધર્મને નામે પેઢી દર પેઢી જડ પરંપરાનું નિર્વહન થાય છે. દેશકાળ પ્રમાણે અમુક પરંપરાને વળગી રહેવું ન જોઈએ, અને એમાં પણ એ શું કામ આચરવુ? એ જ્ઞાન ન્હોય ત્યારે તો નહીં જ! સંસારીઓ માટે ઈશ્વર સુધી પહોંચવાનાં માર્ગનું નામ ધર્મ છે! અને મનુષ્ય સૌથી વધુ સૌથી ભ્રાંતિ ધર્મને નામે ધરાવે છે! અને ભયભીત રહે છે! જ્યારે ઈશ્વર તો આપણને ભય મુક્ત કરનાર છે. એટલે એમ કહી શકાય કે માનવીએ ધર્મને જ ઈશ્વર માની લીધો છે. ખરેખર પરમ તત્વ સુધી એની નજર પહોંચે એ પહેલાં જ, એ ધર્મ નામનાં ચક્રવ્યૂહમાં ફસાઈ ગયો! માનવીય જીવન મુખ્ય બે ભાવ આસપાસ ભમતું જોવાં મળે છે, એક હર્ષ અને બીજું શોક! એટલે જન્મ મૃત્યુ, અને બંનેમાં મોહ માયાનું અજ્ઞાન જીવને ઘેરી વળે છે! અને અજ્ઞાનમાં પાઠ પૂજા ભક્તિ બધું નિરર્થક છે, એટલે સનાતન ધર્મમાં નસ્ત્રસૂતકસ્ત્રસ્ત્રની પરંપરા શરૂ કરવામાં આવી, જેનો અન્ય સામાજિક સંદર્ભ પણ ચોક્કસ હશે જ, પણ આપણે તો નરસિંહનો ભાવ હ્રદયે ધરી ભક્તિ પંથે આગળ વધવાનું છે, એટલે એની એક એવી જ રચના વિશે ચિંતન કરીશું.

**નરસિંહ મહેતા**

**કૃષ્ણ કીર્તન વિના નર સદા સુતકી,
વપન કીધે વયુ શુદ્ધ ન થાયે,
સકળ તીર્થ શ્રીકૃષ્ણ કીર્તન કથા,
હરિ તણાં દાસ જ્યાહાં હેતે ગાયે. (૧)

નરસિંહ કહે છે કે જે નર શ્રીકૃષ્ણનું સ્મરણ કિર્તન કરતો નથી એ મોહ માયાને મમતાનાં અજ્ઞાનથી ઘેરાયેલો છે. મૂંડન કરવવાથી કંઈ દેહ શુદ્ધ થતો નથી. શ્રીકૃષ્ણની કથાનું ભક્તો દ્વારા કિર્તન થતું હોય એ જ સકળ તીર્થ છે.

**પુરણ પરષોત્તમ નવલરંગી તજી,
અન્ય દેવે જેનું મન મોહે,
કોટી ચિંતામણી કામધેનુ તજી,
મહિષીના કુંવરનું દૂધ દોહે. (૨)

નરસિંહ શ્રીકૃષ્ણની સર્વોપરીતાને સિદ્ધ કરતાં કહે છે, જે કૃષ્ણ ભક્તિનો નવલ રંગ ત્યજી અન્ય દેવ પ્રત્યે મોહિત થાય છે. કામધેનુ અને ચિંતામણી જેવાં ઈશ્વરીય ઐશ્વર્ય દર્શાવતાં સાધનો ત્યજીને ભેંસનાં વાછરડાં માટે દૂધ દોહવાં જેવું તુચ્છ છે.

**ગર્ભજોગી જશ ગાય જેનું સદા,
નારદ સમ મુખથી ન મૂકે,
તે હરિ નંદજીને દ્વાર ઉભા રહ્યાં,
ગોપિકા મુખ જોવાની ઢૂંકે. (૩)

માતાનાં ગર્ભમાંથી જે જોગીનું પ્રણ લેનાર છે, એ જેનો જશ ગાય છે, નારદ જેવાં મુનિઓ જેનું સ્મરણ મુખેથી મૂકતા નથી એ હરિ નંદજીને ઘરે ગોપીઓનું મોઢું જોવાં વારેવારે ઝૂકે છે.

**અજ ભવ સુરપતિ સ્વપને પેખે નહીં,
નેતિ નેતિ કહી નિગમ ગાવે,
નરસૈયો રંગ જસ ગાયને રીઝવે,
સહસ્ત્ર મુખે શેષ પાર ન પાવે.(૪)

આખો ભવ જેને દેવોના સ્વામી સ્વપનમાં પણ દેખાય નહીં, આગમ નિગમ પણ નેતિ એટલે કે ન ઈતિ, જેનો અંત નથી, શેષ નાગનાં સહસ્ત્ર મુખ પણ જેનો પાર પામી શકે નહીં, એવાં શ્રીકૃષ્ણનો જશ ગાઈને નરસૈંયો રંક થઈ એને રિઝવે છે.

નરસિંહ મહેતા કવિ કરતાં વધુ ભક્ત તરીકે વધુ પ્રસિદ્ધ છે, કારણ કે એની રચનાઓમાં કળિયુગ નાં એકમાત્ર સાધન હરિ સ્મરણની વાતને વારંવાર દોહરાવે છે,અને આ રચનામાં તો એણે જે શ્રીકૃષ્ણનું ભજન નહીં કરે એનાં જેવો મૂઢ અને અજ્ઞાની કોઈ નથી! અહીં સૂતક શબ્દની સાથે વપન શબ્દ છે, એટલે મૃત્યુ સૂતકની વાત છે. માનતા હોઈએ કે ન માનતા હોઈએ, આવું જોયું તો બધાંએ છે જ! સાવ અંગત સ્વજનને

૧૩ દિવસનું સૂતક લાગે, દીકરીને ૧૧ દિવસનું સૂતક, કુટુંબી હોય એને ૩ દિવસનું, અને અંતિમક્રિયામાં હાજરી આપનારને માત્ર સ્નાન સૂતક લાગે. મૃતક સાથેનો જેટલો સંબંધ ગાઢ એટલો શોક વધુ અને આ દેહ સાથે જોડાયેલું સૌથી મોટું સત્ય કે જન્મ છે, એનું મૃત્યુ છે એ સમયે ભૂલાઈ જાય છે, અને મૃત્યુનો શોક કરે છે, જે અજ્ઞાન છે. વપન પછી વયુ એ શબ્દમાં નરસિંહ વય નું બહુ વચન કરે છે, અને સ્પષ્ટ કહે છે કે મૂંડન વિધિથી અજ્ઞાનને કારણે અત્યાર સુધીની વિતી ગયેલી વય, એટલે કે આયુષ્ય શુદ્ધ થતું નથી. નવલરંગી શબ્દ મૂકી ભક્તિનાં ભાવને ચૂંદડી સાથે સરખાવ્યો છે! ભક્તનો ભગવાન સાથેનો ભાવ દર વખતે નવલ હોય છે, એને ત્યજવું એ અજ્ઞાન છે. પણ અન્ય દેવ શબ્દ! આપણને વિચારતા કરે કે શું નરસિંહ સંકીર્ણ છે? ના પરંતુ અહીં દેવ શબ્દ એક માનસિકતા દર્શાવે છે, જે ભોગ, વિષય, અને વિલાસ આસપાસ જ રહે છે! અને એ દેવતાઓનો મુખ્ય સ્વભાવ છે. પરમ ચૈતન્ય તો કામધેનુ અને ચિંતામણી જેમ ઈચ્છિત અને દુર્લભ ફળ આપનાર છે, એને છોડી અન્ય તુચ્છ વિષય પાછળ દોડવું એ અજ્ઞાન છે. ગર્ભજોગી આ રચનાનો સૌથી ગહન અર્થ ધરાવે છે. આપણાં સનાતન ધર્મમાં જ પુનરર્જન્મની વાત છે, અને સાધક મુક્તિ ન માંગતાં સ્વેચ્છાએ જન્મ મૃત્યુનું બંધન ભક્તિ માટે એટલે કે ભગવાનનાં ગુણગાન ગાવા ફરી જન્મ લે છે! અને આવો જીવ જ્યારે માતાનાં ગર્ભમાં હોય ત્યારે તેને નરસિંહએ ગર્ભજોગી શબ્દ નવાજ્યો છે. પણ જીવે શું કામ આવું કર્યું? નારદ જેવાં મુનિઓનાં મુખેથી એનું સ્મરણ ચૂકાતું નથી! એ તત્વ જ્યારે નંદનાં બારણે ગોપીઓનાં મુખ જોઈ પ્રસન્ન થાય છે! એટલે કે ઈશ્વરને રાજી કરવાનો ભક્તિ એક જ માર્ગ છે, માટે તે ફરીને જન્મ મરણ સ્વીકારે છે. વેદ પુરાણ આગમ નિગમ જેના રહસ્યને પામી શકતાં નથી, અને યોગી ઓને આખો ભવ જગત જગદીશની સ્વપનમાં પણ ઝાંખી થતી નથી, શેષનાગનાં સહસ્ત્ર મુખ પણ જેનું રહસ્ય પામી શકતાં નથી, એ પરમ તત્વને નરસિંહ ભક્તિથી રીઝવે છે. આપણે સૌ જાણીએ છીએ કે, નરસિંહને એ સમયનાં સમાજે બહુ સતાવ્યા હતાં! ભૂતકાળને ભૂંસી શકાય એમ નથી, પણ નરસિંહની પરમ ચેતનાની માંફી કંઈ રીતે માંગવી! હરિ સ્મરણ જ સૌથી શ્રેષ્ઠ સાધન છે, એમણે અનુભવેલું સત્ય છે, એ વાતને સમજીને સહજતાથી સ્વીકારી જેટલું બચ્યું છે, એટલું જીવન હરિ સ્મરણ કરીને જીવન ધન્ય બનાવી શકીએ,એવી એક અનન્ય પ્રાર્થનાં ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

## જેને બાધવુ જ છે એના માટે કોઇ મોટુ કારણ મહત્વનું હોતું નથીઃ એક વિચીત્ર કારણે મારામારી

# કૂકર માટે કુટુંબીઓ વચ્ચે છરી-ધોકાથી બાકાઝીકી

### મોરબી રોડના ઓમ પાર્કમાં બની ઘટનાઃ કુટુંબીના ટ્રકમાં ક્લીનર તરીકે જતાં યુવાને તેનું રાંધવાનું કૂકર ટ્રકમાં રાખ્યું હતું તે ખોવાઇ જતાં તેના પૈસા અને ટ્રકની લોનના હપ્તા મામલે જામી પડીઃ બંને પક્ષના મળી આઠને આરોપી બનવાની નોબત આવી

રાજકોટ,તા.૧૦

શહેરમાં કોઇપણ વાતે મારામારી થતી રહે છે. હવે બે કુટુંબીઓ વચ્ચે ધોકા-છરીથી મારામારી થતાં સામ સામે આઠ જણા વિરૂધ્ધ ગુનો દાખલ કરાયો હતો. આ મારામારી ટ્રકમાંથી ગૂમ થઇ ગયેલા પ્રેશર કૂકરને કારણે અને ટ્રકની લોનના હપ્તા ભરવા મામલે થઇ હતી.



વિગતો પર નજર કરીએ તો મોરબી રોડ પર આવેલા સોહમનગર પાસેના ઓમ પાર્કમાં રાંધવાના કુકરના પૈસા ચુકવવા જેવી નજીવી બાબતે કૌટુંબિક સંબંધીઓ વચ્ચે મારામારી થતાં સામ સામે ફરિયાદ થઇ હતી. આ બનાવમાં બી-ડિવીઝન પોલીસે ઓમ પાકમાં રહેતાં અને રિક્ષા તેમજ ટ્રક ડ્રાઇવિંગ કરી ગુજરાન ચલાવતા ચોત્રીસ વર્ષના મહેન્દ્રભાઈ અશોકભાઈ સાગઠીયાની ફરિયાદ પરથી પાડોશમાં જ રહેતાં તેના કુટુંબી કાકા વાલજીભાઇ, તેના દિકરા કલ્પેશભાઇ, રાહુલભાઇ અને મંજુબેન વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

એક વર્ષ પહેલાં મહેન્દ્રભાઇએ તેમના કૌટુંબિક કાકા વાલજીભાઈના નામે એક સેકન્ડ હેન્ડ અશોક લેલેન્ડ કંપનીનો ટ્રક લોન પર ખરીદ્યો હતો. આ ટ્રકમાં ક્લીનર તરીકે કાકાનો દીકરો કલ્પેશ થોડો સમય સાથે જતો હતો. બહારગામ જતી વખતે સાથે રાખેલું રાંધવાનું કુકર જે કલ્પેશ તેના ઘરેથી લાવ્યો હતો તે ટ્રકમાંથી ક્યાંક પડી ગયું હતું. આ બાબતે સવારે કાકી મંજુબેને ફોન કરીને કુકર પાછું માગતા મહેન્દ્રભાઈએ કુકર ખોવાઈ ગયું હોવાનું કહી સાંજે તેના નવા કુકરના પૈસા આપી દેશે તેમ કહ્યું હતું.

ત્યારબાદ રાત્રે કલ્પેશે ફોન કરી પૈસા કેમ આપવા આવ્યો નથી તેમ કહેતા, મહેન્દ્રભાઈ રાત્રે સાડા અગિયારેક વાગ્યે પોતાના ભાઈઓ ચેતન, પ્રદીપ અને કાકાના દીકરા સતીષભાઈને સાથે રાખી વાલજીભાઈના ઘરે સોહમનગર સોસાયટી શેરી નં. ૩ ખાતે પૈસા આપવા માટે નીકળ્યા હતા. મહેન્દ્રભાઈ અને તેના ભાઈઓ જેવા ઘર પાસે પહોંચ્યા તે વખતે જ બહાર ઉભેલા કાકા વાલજીભાઈ, તેનો દીકરો કલ્પેશ અને કૌટુંબિક ભાઈ રાહુલએ તું સવારનો કેમ બહાના બતાવે છે? તેમ કહી ઝઘડો શરૂ કર્યો હતો અને અચાનક બાજુમાં પડેલો લાકડાનો ડંડાથી તેમજ ઢીકાપાટુનો માર માર્યો હતો.

આ બનાવમાં વળતી પણ એક અલગ એફઆઇઆર દાખલ થઇ હતી. છવ્વીસ વર્ષના કલ્પેશભાઇ વાલજીભાઇ સાગઠીયાની ફરિયાદ પરથી મહેન્દ્રભાઇ, ચેતનભાઇ, પ્રદીપભાઇ અને સતિષભાઇ વિરૂધ્ધ ગુનો દાખલ કરાયો છે. કલ્પેશભાઇ છુટક મજૂરી કરે છે તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે મારા પિતા વાલજીભાઇએ સેકન્ડ હેન્ડ ટ્રક લઇ મારા કુટુંબી કાકા અશોકભાઇના દિકરા મહેન્દ્રભાઇને ટ્રક વાપરવા આપ્યો હતો. મારા માતા મંજુબેને મહેન્દ્રભાઇને ફોન કરી ટ્રકની લોન ભરપાઇ કરી દેવાનું કહેતાં બોલાચાલી થયા બાદ મહેન્દ્રભાઇ સહિતે અમારા ઘરે આવી છરીથી હુમલો કરી મને પીઠ, માથા પાછળ ઇજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બંને બનાવમાં બી-ડિવીઝનના હેડકોન્સ.વાય. એન. મકવાણાએ ગુના દાખલ કર્યા હતાં. આમ કૂકર જેવી વાતે કુટુંબીઓ વચ્ચે બાકાઝીકી થઇ જતાં બંને પક્ષના મળી આઠને આરોપી બનવાની નોબત આવી હતી.

## ઇકો કારમાં નીચેનું પતરૂ કાપી ચોરખાનુ બનાવ્યું: અઢી લાખનો દારૂ છુપાવી નીકળ્યા પણ પકડાઇ ગયા

### પીસીબીની ટીમે કાળીપાટના પાટીયેથી જુનાગઢના ત્રણને પકડ્યા

રાજકોટ,તા.૧૦

બુટલેગરો હેરાફેરી વખતે પોલીસથી બચવા નીતનવા નુસ્ખા અજમાવતા હોય છે. આવી જ એક વિદેશી દારૂની હેરાફેરી અટકાવવાની કામગીરી અંતર્ગત પીસીબીની ટીમે ૧૫૦ ફટ રીંગ રોડ પરથી રૂ. અઢી લાખનો દારૂ ભરેલી કાર સાથે જુનાગઢના ત્રણ શખ્સોને પકડી લીધા છે. ઇકો કારમાં ચોરખાનુ બનાવી આ દારૂ છુપાવાયો હતો.

વિગતો અનુસાર પીસીબીની ટીમ દારૂ-જૂગારના કેસ શોધવા પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. નગીનભાઇ ડાંગર, એએસઆઇ મયુરભાઇ પાલરીયા, હીરેનભાઇ સોલંકીની બાતમી પરથી ૧૫૦ ફટ રીંગ રોડ પર કાળીપાટ ચોકડી પાસે એક શંકાસ્પદ મારૂતિ ઇકો કારને આંતરી લીધી હતી. તેમાં તપાસ કરતાં અંદર ચોરખાનુ બનાવી દારૂ છુપાવી રાખ્યાનું જણાયું હતું. પોલીસે રૂ. ૨,૫૨,૩૮૪નો વિદેશી દારૂનો જથ્થો ૧૮૦ એમએલના ૧૦૫૬ ચપલા તથા કાર જીજે૨૫એએ-૧૭૨૬ મળી કુલ રૂ. ૬,૫૨,૩૮૪નો જથ્થો કબ્જે કર્યો હતો.



કારમાં ચેસીસના ભાગે ચોરખાનુ બનાવાયુ હતું. સીટ અને વચ્ચેના ભાગમાં કાપ મુકીને આ ચોરખાનુ બનાવેલુ હતું. ત્રણ શખ્સો આશીફ મહમદભાઈ કાદરી (ધંધો-વાહન લે-વેચ, રહે. હર્ષદનગર પાસે જુનાગઢ), અવેશ અમીનભાઈ અરબ (ખત્રી ચોક અકબરી એપાર્ટમેન્ટની સામે, જુનાગઢ) અને શાકીર અલીમહમદભાઈ મતવા (ડ્રાઈવિંગ, રહે. અલંકાર ટોકીઝ નવાપરા લાઈન, અંકુર હોસ્પિટલ પાસે, જુનાગઢ)ને પકડી લીધા હતાં.

## ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ બાબુ માટીયાની જમીન ખાલસા

### જમીન નવી શરતની હતી, જે પૂર્વ મંજૂરી મેળવ્યા વિના અને સરકારને જરૂરી પ્રીમિયમ ભર્યા વગર જ વેચી દેવાતા કલેક્ટરે કર્યો આદેશ

રાજકોટ, તા. ૧૦

રાજકોટમાં ભાજપના બક્ષીપંચ મોર્ચાના પ્રમુખ બાબુ માટીયા એક મોટા જમીન કૌભાંડમાં સંડોવાયેલા હોવાનું સામે આવ્યું છે. જિલ્લા કલેક્ટરે બાબુ માટીયાની માલિકીની રૂપિયા ૭ કરોડની કિંમતની નવ વીઘા જમીન ખાલસા કરવાનો આદેશ કર્યો છે. આ કાર્યવાહી રાજકોટ નજીક આવેલા માલિયાસણ ખાતે થશે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ જમીન નવી શરતની હતી, જે પૂર્વ મંજૂરી મેળવ્યા વિના અને સરકારને જરૂરી પ્રીમિયમ ભર્યા વગર જ વેચી દેવામાં આવી હતી. આ ગંભીર ઉલ્લંઘન બાદ જિલ્લા કલેક્ટરે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ભાજપ નેતા બાબુ માટીયાએ આ સમગ્ર મામલે પોતાની ભૂલ સ્વીકારી હતી. તેમણે જણાવ્યું કે પ્રીમિયમ ભર્યા વગર જમીન વેચવીએ તેમની ભૂલ હતી. તેમણે વધુમાં ઉમેર્યું કે સરકાર કે કલેક્ટર તરફથી જે કોઈ કાર્યવાહી કરવામાં આવશે, તેનો તેઓ સ્વીકાર કરશે.

બાબુભાઈ માટીયાએ વધુમાં જણાવ્યું હતું કે, હાલ આ જમીનની બજાર કિંમત રૂ.૭ કરોડ થાય છે. વકીલના કહેવાથી જ દસ્તાવેજ કર્યો હતો. જો કે તે વખતે મને જમીન બાબતનું નોલેજ ન હતું અને જમીનનો દસ્તાવેજ થયો ત્યારે હું ભાજપમાં પદ ધરાવતો નહોતો માત્ર કાર્યકર હતો. સાંથણીની જમીનમાં જ્યાં સુધી તમે સરકારનું પ્રીમિયમ ન ભરો ત્યાં સુધી તમે તેનું કોઈ લખાણ, સાટાખત કે દસ્તાવેજ ન કરી શકો.

વર્ષ ૨૦૦૭માં બાબુ માટીયાએ જમીન ખરીદી હતી મળતી માહિતી મૂજબ, માલીયાસણના સર્વે નં. ૩૩૩/૧ પૈકી ૪ હેક્ટર જમીન વર્ષ ૧૯૭૨માં હમીરભાઈ જીવાભાઈને સાંથણીમાં ફાળવાઈ હતી. નવી અને અવિભાજય શરતની આ જમીન વારસાઈથી દેવાભાઈના નામે કરવામાં આવી હતી. પરંતુ દેવાભાઈએ વર્ષ ૨૦૦૭માં સરકારની પૂર્વ મંજૂરી વિના અને પ્રીમિયમ ભર્યા વિના જ આ જમીન રાજકોટ ભાજપના બક્ષીપંચ મોરચાના પ્રમુખ બાબુભાઈ માટીયાને દસ્તાવેજ કરી વેચી'તી.

### ઓમાન-ગુજરાત વચ્ચે ઊંડા સમુદ્રમાં ૨૦૦૦ કિમી લાંબી પાઇપલાઇન ભારતના ઉર્જા ભવિષ્યને ઉજ્જવળ બનાવી શકે

## ડીપવોટર પાઇપલાઇન ગુજરાત માટે આશીર્વાદરૂપ

નવી દિલ્હી, તા.૧૦

હોર્મુઝ સ્ટ્રેટમાં સંઘર્ષ વૈશ્વિક ઉર્જા બજારો પર અસર કરે છે. શું ઓમાનથી ગુજરાત સુધીની ૨૦૦૦ કિમીની પ્રસ્તાવિત સમુદ્રી પાઇપલાઇન ભારતને તે નબળાઈમાંથી મુક્ત કરવામાં મદદ કરી શકે છે? આ પ્રસ્તાવિત પ્રોજેક્ટને મધ્ય પૂર્વ-ભારત ડીપવોટર પાઇપલાઇન તરીકે ઓળખવામાં આવે છે, તે અરબી સમુદ્રમાં ફેલાયેલા પાણીની અંદરના નેટવર્ક દ્વારા ઓમાનને સીધા ગુજરાત સાથે જોડશે.

અરબી સમુદ્રમાં લગભગ ૨૦૦૦ કિલોમીટર સુધી ઊંડા સમુદ્ર ગેસ પાઇપલાઇન દ્વારા ઓમાન અને ગુજરાતને જોડવાની લાંબા સમયથી ચર્ચાસ્પદ યોજના છે અને ભારત અનિશ્ચિત ભૂ-રાજકીય પરિદશ્યમાં વધુ વિશ્વસનીય ઉર્જા પુરવઠો સુરક્ષિત કરવા માંગે છે.

છેલ્લા ત્રણ દાયકામાં આ પ્રોજેક્ટની ઘણી વખત તપાસ કરવામાં આવી છે, પરંતુ ઊંચા ખર્ચ, તકનીકી અવરોધો અને વ્યાપારી સદ્ધરતા પરના પ્રશ્નોએ તેને આયોજનના તબક્કાથી



આગળ વધતા અટકાવ્યું છે. હવે, આ દરખાસ્તને સમર્થન આપતા ખાનગી કન્સોર્ટિયમ, SAGE દ્વારા માર્ગ અને તેના એન્જિનિયરિંગ પડકારોનું મૂલ્યાંકન કરવા માટે દરિયાઈ તળિયાના સર્વેક્ષણો સાથે ટેકનિકલ અને નાણાકીય શક્યતા અભ્યાસ પૂર્ણ કર્યા પછી નવી ગતિ આવી છે.

આશરે ૪૦,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવનાર ઓમાન-ગુજરાત ડીપ-સી ગેસ પાઇપલાઇન, અત્યાર સુધીના સૌથી ઊંડા સબસી રૂટમાંથી એક દ્વારા ઓમાનથી ભારતના પશ્ચિમ કિનારા સુધી કુદરતી ગેસ પહોંચાડશે. જો તે બનાવવામાં આવે તો, તે ગલ્ફ અને ભારત વચ્ચે સીધો ઉર્જા કોરિડોર સ્થાપિત કરી શકે છે, જેનાથી વિશ્વના સૌથી વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ દરિયાઈ અવરોધોમાંના એક, હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા શિપિંગ રૂટ પર દેશની નિર્ભરતા ઓછી થશે.

ભારત લાંબા ગાળાની ઉર્જા સુરક્ષા ઈચ્છે છે અને ભૂ-રાજકીય તણાવ વૈશ્વિક ઉર્જા બજારો પર અસરને લીધે દાયકાઓ જૂના પ્રસ્તાવને નવી સુસંગતતા મળી છે.

ભારત આયાતી ઉર્જા પર નિર્ભર છે. દેશ તેની મોટાભાગની ક્રૂડ ઓઇલ જરૂરિયાતો આયાત કરે છે અને કુદરતી ગેસના વિદેશી પુરવઠા, ખાસ કરીને ક્રૂડ પર નોંધપાત્ર રીતે આધાર રાખે છે. તે આયાતનો નોંધપાત્ર ભાગ અખાતમાંથી આવે છે અને હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા ભારત પહોંચે છે, જે પર્સિયન ગલ્ફને અરબી સમુદ્ર સાથે જોડતો સાંકડો જળમાર્ગ છે. આ માર્ગ પર કોઈપણ વિક્ષેપ વૈશ્વિક ઉર્જા બજારો પર તાત્કાલિક અસર કરી શકે છે, જે શિપિંગ ખર્ચ, ઇંધણના ભાવ અને પુરવઠા શૃંખલાઓને અસર કરી શકે છે. પશ્ચિમ એશિયામાં તાજેતરના તણાવે ફરી એકવાર એક જ દરિયાઈ કોરિડોર પર આધાર રાખવાની નબળાઈને ઉજાગર કરી છે. ક્રૂડ ના ભાવમાં તીવ્ર વધઘટ અને શિપિંગ સુરક્ષા અંગેની ચિંતાઓએ વધુ પુરવઠા સ્થિરતા પ્રદાન કરી શકે તેવા વિકલ્પોમાં રસ ફરી શરૂ કર્યો છે.

ઓમાન-ગુજરાત પાઇપલાઇનને આવા જ એક વિકલ્પ તરીકે જોવામાં આવી રહી છે. LNG આયાતથી વિપરીત, આ પાઇપલાઇન કુદરતી ગેસને સીધા સ્ત્રોતથી ગંતવ્ય સ્થાન સુધી લઈ જશે. સમર્થકો દલીલ કરે છે કે આ વધુ વિશ્વસનીયતા પ્રદાન કરી શકે છે અને દરિયાઈ વેપાર માર્ગોને અસર કરતા વિક્ષેપોના સંપર્કને ઘટાડી શકે છે.

આ પ્રસ્તાવિત પ્રોજેક્ટને મધ્ય પૂર્વ-ભારત ડીપવોટર પાઇપલાઇન તરીકે ઓળખવામાં આવે છે, તે અરબી સમુદ્રમાં ફેલાયેલા પાણીની અંદરના નેટવર્ક દ્વારા ઓમાનને સીધા ગુજરાત સાથે જોડશે. તેની સૌથી આકર્ષક વિશેષતા તેની ઊંડાઈ છે. આ રૂટના કેટલાક ભાગો સમુદ્ર સપાટીથી ૩,૦૦૦ મીટરથી વધુ નીચે હોવાની અપેક્ષા છે, જે તેને અત્યાર સુધી પ્રસ્તાવિત સૌથી ઊંડા સબસી પાઇપલાઇન પ્રોજેક્ટ્સ પૈકી એક છે. આવી ઊંડાઈ મોટાભાગના ઓફશોર ઉર્જા પ્રોજેક્ટ્સ કરતા નોંધપાત્ર રીતે વધારે છે અને તેને ખૂબ જ વિશિષ્ટ એન્જિનિયરિંગ સોલ્યુશન્સની જરૂર પડશે. આ પાઇપલાઇન લાંબા ગાળાના પુરવઠા કરારો હેઠળ કુદરતી ગેસનું પરિવહન કરશે તેવી અપેક્ષા છે, જે સંભવિત રીતે ભારતને તેના ઉર્જા સ્ત્રોતોમાં વૈવિધ્યીકરણ કરવામાં મદદ કરશે અને ઓમાનને સ્થિર નિકાસ બજાર પ્રદાન કરશે.

# આંઠ વર્ષ જૂના હત્યા કેસનો ભેદ ઉકેલાયો

### આજી નદીમાંથી મળેલા માથાના કેસમાં મોટો ખુલાસો : DNA ટેસ્ટ પોઝિટિવ આવતા ઠેકેદારની કરાશે ધરપકડ





રાજકોટ, તા. ૧૧

રાજકોટમાં આઠ વર્ષ જૂના એક ચકચારી કેસનો આખરે પર્દાફાશ થયો છે. આજી નદીના પટમાંથી મળી આવેલા ધડ વગરના માથાના કેસમાં રાજકોટ ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. પોલીસે આઠ વર્ષની લાંબી તપાસ બાદ મૃતકની ઓળખ મેળવી લીધી છે અને આ હત્યામાં કોલકાતાના એક ઠેકેદારની સંડોવણી હોવાનો ઘટસ્ફોટ કર્યો હતો ત્યારે ગઈકાલે ડીએનએ ટેસ્ટ પોઝીટીવ આવતા ક્રૂર ટેકેદારની રાજકોટ જેલમાંથી ધરપકડ કરાશે. આઠ વર્ષ પૂર્વે ધડ વગરના મળેલા માથાનો અંતે ભેદ ઉકેલાયો છે.

રાજકોટમાં આઠ વર્ષ જૂના એક ચકચારી કેસનો આખરે પર્દાફાશ થયો છે. આજી નદીના પટમાંથી મળી આવેલા ધડ વગરના માથાના કેસમાં રાજકોટ ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. પોલીસે આઠ વર્ષની લાંબી તપાસ બાદ મૃતકની ઓળખ મેળવી લીધી છે અને આ હત્યામાં કોલકાતાના એક ઠેકેદારની સંડોવણી હોવાનો ઘટસ્ફોટ કર્યો હતો. આજી નદીના પટમાંથી એક અજાણ્યા બાળકનું માત્ર માથું મળી આવ્યું હતું, જેણે પોલીસ માટે તપાસનો મોટો પડકાર ઉભો કર્યો હતો. આ અંગે કોઈ ખાસ પુરાવા ન મળતા કેસ વણઉકેલ્યો રહ્યો હતો. જોકે, ક્રાઈમ બ્રાન્ચે આ મામલે તપાસ જારી રાખી હતી અને હવે મૃતક બાળકના પરિવારની ભાળ મળતા આખો કેસ ફરી પ્રકાશમાં આવ્યો હતો.

તપાસ દરમિયાન બહાર આવ્યું છે કે, કોલકાતાનો રહેવાસી અને ઠેકેદાર અંજન માઝી ઉર્ફે આઝમ માઝી આ હત્યાનો મુખ્ય આરોપી છે. આરોપી આ બાળકોને મજૂરીકામ કરાવવાના બહાને કોલકાતાથી રાજકોટ લાવતો હતો. તે સમયે પોલીસની કાર્યવાહી દરમિયાન ૧૯ બાળકોને બાળમજૂરીમાંથી મુક્ત પણ કરાવવામાં આવ્યા હતા, પરંતુ તે સમયે જ એક બાળકની નિર્મમ હત્યા કરવામાં આવી હતી. હાલમાં આરોપી આઝમ માઝી કોલકાતાની જેલમાં બંધ છે. રાજકોટ પોલીસે મૃતક બાળકના પરિવાર સાથે આરોપીના ઉગઅ સેમ્પલ મેચ કરવાની પ્રક્રિયા હાથ ધરી હતી. પોલીસ સૈન્ટિફિક પુરાવા એકત્ર કર્યા હતા. જે બાદ ઉગઅ રિપોર્ટ આવતા જ ટ્રાન્સફર વોરંટના આધારે આરોપીને રાજકોટ લાવી તેની સઘન પૂછપરછ કરવામાં આવી હતી. આ કેસમાં પોલીસની સતર્કતાને કારણે વર્ષો જૂના રહસ્યનો અંત આવ્યો હતો.

લક્ષ્મીનગરમાં ભેદભરમ સર્જતી આત્મહત્યાની ઘટનાઃ માલવીયાનગર પોલીસે શરૂ કરી તપાસ

# દરવાજો ખુલતા જ મળી દિકરાની લટકતી લાશ

## રાતે આ મૃતક યુવાનને કોઇ વાતે પાડોશીએ ફડાકા મારી લીધાનો આક્ષેપ : આપઘાતનું કારણ જાણવા તપાસઃ અન્ય ત્રણ ઘટનામાં દિલની દગાખોરી સહિતને લીધે ત્રણ મૃત્યુ



રાજકોટઃ તા.૧૦

આપઘાતની વધુ એક ઘટના બની છે જેમા એક યુવાને મોત મેળવી લીધુ હતું. જો કે આપઘાતના કારણ અંગે શંકા દર્શાવાતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. નાના મવા રોડ પર લક્ષ્મીનગરમાં રહેતાં યુવાને ગળાફાંસો ખાઇ લેતાં મોત થયું હતું. પાડોશમાં રહેતાં એક શખ્સ સાથે આ યુવાનને રાતે માથાકુટ થઇ હોઇ પાડોશીએ તેને ફડાકા મારી લીધાનો આક્ષેપ પિતાએ કરતાં પોલીસે મૃતદેહનું પેનલ ડોક્ટરથી પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. આપઘાત પાછળ આ મારામારીનું કારણ છે કે અન્ય કોઇ કારણ? તેની તપાસ શરૂ થઇ હતી.

વિગતો પર નજર કરીએ તો નાના મવા રોડ પર લક્ષ્મીનગર-૨માં રહેતાં અમિતભાઇ ગોવિંદભાઇ ભોજાણી નામના ચોત્રીસ વર્ષના યુવાનને સવારે તેના પિતા જગાડવા જતાં તે રૂમમાં લાકડાની આડીમાં ચુંદડી બાંધી લટકતી હાલતમાં મળતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. દેકારો થતાં આસપાસના લોકો એકઠા થઇ ગયા હતાં. ૧૦૮ના તબિબે તેને મૃત જાહેર કરતાં માલવીયાનગર પોલીસને જાણ કરવામાં આવતાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડાયો હતો.

આત્મહત્યા કરી લેનારા કરનાર અમિતભાઇ બે ભાઇમાં નાનો હતો. તેને સંતાનમાં બે દિકરા છે અને પોતે રિક્ષા હંકારી ગુજરાન ચલાવતો હતો. હાલમાં તેના પત્નિ માવતરે આટો મારવા ગયા છે. રાતે અમિતભાઇ ઘરે મોડો આવતો હોઇ તેની રીતે તે રાતે ઘરે આવી સુઇ ગયો હતો. સવારે પિતા જગાડવા જતાં ઘટનાની જાણ થઇ હતી. પિતાએ આક્ષેપ કર્યો હતો કે રાતે કોઇ કારણે પાડોશી શખ્સ સાથે ચડભડ થતાં પાડોશીએ અમિતભાઇને લાફા મારી લીધા હતાં. પોલીસે આપઘાતનું કારણ જાણવા વિશેષ તપાસ હાથ ધરી હતી. પાડોશીએ મારકુટ કરી તેના કારણે માઠુ લાગતાં યુવાને આ પગલુ ભર્યુ કે અન્ય કારણ જવાબદાર છે? પાડોશીએ મારકુટ કરી તો શા માટે કરી? તે સહિતની તપાસ થઇ રહી છે.

અન્ય અપમૃત્યુની ઘટનાઓ જોઇએ તો હૃદય રોગના હુમલાથી વધુ એક મૃત્યુ થયું છે. યુનિવર્સિટી રોડ પર પટેલ છાત્રાલય પાસે નિલકંઠનગર-૯માં રહેતાં જયભાઇ સુરેશભાઇ રાવલ નામના પિસ્તાલીસ વર્ષના આધેડ સવારે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થયાનું તબિબે જાહેર કરતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બનાવની જાણ થતાં યુનિવર્સિટી પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર જયભાઇ એક બહેનથી મોટા હતાં અને પ્રાઇવેટ નોકરી કરતાં હતાં. સંતાનમાં એક દિકરો છે. હાર્ટ એટેક આવી ગયાનું સગાએ કહ્યું હતું.

અન્ય એક બનાવમાં રાંદરડા તળાવ પાસે અમરનગર-૧માં રહેતાં જયદિપભાઇ પંકજભાઇ ચાવડા  નામના બત્રીસ વર્ષના યુવાનને સવારે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ તેને મૃત જાહેર કરાતાં પરિવારમાં શોક છછવવાઇ ગયો હતો. મૃતક એક બહેન અને ત્રણ ભાઇમાં નાનો અને અપરિણીત હતો. તે રિક્ષા હંકારી ગુજરાન ચલાવતો હતો. થોરાળા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.જ્યારે એક  બનાવમાં ગોંડલ રોડ સદ્દભાવના વૃધ્ધાશ્રમમાં રહેતાં મિલનભાઇ જમનાદાસ લાડાણી નામના ચાલીસ વર્ષના યુવાન સવારે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને જાણ કરી હતી. બિમારીથી મૃત્યુ થયાનું જણાવાયું હતું. આ તમામ ઘટનાઓમાં પોલીસે પંચનામાની કાર્યવાહી કરી મૃતદેહોના સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ કરાવ્યા હતાં.

---

સ્નેહ, સમર્પણ, વિશ્વાસ, ત્યાગની તૈયારી ન હોય તો પ્રેમમાં પડાય જ નહિ

# શંકાશીલ પ્રેમીએ પ્રેમિકાની કરી હત્યા

## ગળુ દાબી મોતને ઘાટ ઉતારી દીધા પછી પોતે આત્મહત્યાના પ્રયાસનું નાટક કર્યુઃ પોલીસે ત્રીજુ નેત્ર ખોલતાં જ હત્યાની આપી દીધી કબુલાત

રાજકોટઃ તા.૧૦

પ્રેમપ્રકરણમાં વધુ એક હત્યાની ઘટના સામે આવી છે. જેમાં પ્રેમમાં હમેંશા વિશ્વાસ, પરસ્પર સમજદારી હોય તો પ્રેમની સફર આગળ વધી શકે છે અન્યથા કહાનીનો કરૂણ અંત આવી જતો હોય છે. આવી જ એક ઘટના ઘટી છે જેમાં શંકાશીલ પ્રેમીએ પ્રેમિકાને ગળેટુંપો આપી મોતને ઘાટ ઉતારી દીધા બાદ પોતે આત્હત્યાનું નાટક કર્યુ હતું. પોલીસને એક મકાનમાંથી યુવતિની લાશ મળી આવ્યા બાદ શરૂ થયેલી તપાસમાં મર્ડર મિસ્ટ્રી ઉકેલાઇ ગઇ હતી. પોલીસે હત્યારા પ્રેમીને સકંજામાં લેવાની કાર્યવાહી કરી હતી.



વિગતો પર નજર કરીએ તો હત્યાની આ ઘટના અમદાવાદ શહેરના સરખેજ વિસ્તારમાં બની છે. અહિ આવેલા ફતેવાડી આર. સી. રોડ પર એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં ચારિત્ર્યની શંકાના વહેમમાં એક પ્રેમીએ જ પોતાની પ્રેમિકાની ઘાતકી હત્યા કરી નાખી હતી. એક મકાનમાંથી સીમા પઠાણ નામની યુવતીની શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. યુવતીના ગળાના ભાગે ઈજાના નિશાન જોઈને પરિવારે તેના પ્રેમી સામે શંકા વ્યક્ત કરી હતી,

આને પગલે સરખેજ પોલીસે આ મામલે ગુનો નોંધી આત્મહત્યાની આશંકા પર તપાસ શરૂ કરી હતી.મૃતક સીમા પઠાણના પાંચ મહિના અગાઉ જ છૂટાછેડા થયા હતા અને તે પોતાના બે બાળકો સાથે માતાના ઘરે રહેતી હતી. આ દરમિયાન તેને યાસીન કુરેશી નામના યુવક સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો અને બંને ટૂંક સમયમાં જ લગ્ન પણ કરવાના હતા. પણ યાસીન ખૂબ જ શંકાશીલ સ્વભાવનો હોવાથી તે સીમા પર નાની-નાની વાતોમાં વહેમ રાખતો હતો અને આ ચારિત્ર્યની શંકાના કારણે જ બંને વચ્ચે અવારનવાર ઉગ્ર ઝઘડા થતા હતા.

આ દરમિયાન એક સવારે સીમાનો ભાઈ તેના રૂમે ગયો ત્યારે સીમા લોહીલુહાણ અને મૃત હાલતમાં મળી આવતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. શરૂઆતમાં આત્મહત્યા લાગતો આ કેસ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવતાની સાથે જ સમગ્ર મામલો હત્યામાં પલટાઈ ગયો હતો. મૃતકના પીએમ રિપોર્ટમાં યુવતીનું ગળું દબાવીને ક્રૂરતાપૂર્વક હત્યા કરાઈ હોવાનું સ્પષ્ટ બહાર આવ્યું હતું. રિપોર્ટના આધારે પોલીસે તાત્કાલિક એક્શનમાં આવીને શંકાના દાયરામાં રહેલા પ્રેમી યાસીન કુરેશીની અટકાયત કરી હતી અને તેની સઘન પૂછપરછ હાથ ધરી હતી.

યાસીને પહેલા તો પોતે અજાણ હોવાનું નાટક કર્યુ હતું. તેમજ પોતે પણ આપઘાતનો પ્રાયસ કર્યો હતો. પણ તેનું નાટક ઉઘાડુ પડી ગયું હતુઉ પોલીસની કડક પૂછપરછ અને કાનૂની સકંજા સામે આરોપી યાસીન કુરેશી વધુ સમય ટકી શક્યો ન હતો અને આખરે તે ભાંગી પડ્યો હતો. આરોપી યાસીને પોલીસ સમક્ષ ગુનાની કબૂલાત કરતા જણાવ્યું હતું કે શંકાના વહેમમાં આવીને જ તેણે સીમાનું ગળું દબાવી તેને મોતને ઘાટ ઉતારી દીધી હતી.

હાલ પોલીસે આરોપીની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હતી. આમ વધુ એક પ્રેમકહાનીનો શંકા વહેમને કારણે પ્રેમિકાની હત્યા સાથે કરૂણ અંત આવી ગયો હતો. પ્રેમમાં વિશ્વાસ, ત્યાગ, સમર્પણ, સ્નેહના પાયા ન હોય તો પ્રેમકહાની કદી આગળ વધી શકતી નથી. આ ઘટના તેની પ્રતીતી કરાવે છે. પ્રેમકહાનીઓમાં આ પ્રકારના કિસ્સા અવાર-નવાર બનતા હોય છે. જેના કારણે પ્રેમી કે પ્રેમિકાને સહન કરવાની વેળા આવી જતી હોય છે.

---

ગમે તેમ કરીને વિદેશ જવાની ઘેલછા વધુ એક વેપારીને લઇ ડુબી

# વિઝાના નામે સાડા બાર લાખનો ડામ

રાજકોટઃ તા.૧૦

લેભાગુ એજન્ટો, કહેવાતા વિઝા કન્સ્લટન્ટ્સ દ્વારા સતત લોકો સાથે ઠગાઇ કરવામાં આવી રહી છે. વિદેશના વર્ક પરમીટ કે પીઆર મેળવવા ઇચ્છુક લોકો ગમે તેમ કરીને પોતાની પાસે ન હોય તો બીજા પાસેથી ઉછીના કે વ્યાજે લઇને, લોન લઇને રૂપિયા એકઠા કરી એજન્ટો પર આંધળો વિશ્વાસ કરી તેને રૂપિયા ધરી દેતાં હોય છે. પણ અનેક લેભાગુ એજન્ટો આવા રૂપિયા હસ્તગત કર્યા બાદ વિઝા ન અપાવી ગાયબ થઇ જતાં હોય છે. આવી ઠગાઇ રોજબરોજ થાય છે. વધુ એક કિસ્સામાં એક વેપારીને કેનેડાના પીઆર અપાવી દેવાના નામે લેભાગુ એજન્ટે સાડા બાર લાખનો ચૂનો લગાવી દીધો છે.

વિગતો પર નજર કરીએ તો ખંબાતની આ ઘટના છે જેમાં કેનેડા ગયેલી એક યુવતીને પીઆરના નામે છાણીના એકબીજા કન્સલ્ટન્ટે ઠગાઈ કરતા ફતેગંજ પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. ખંભાતમાં રહેતા અને જ્વેલર્સ શોરૂમ ધરાવતા સચિનભાઈ ઝવેરીએ પોલીસને કહ્યું છે કે, મારી પત્નિ રૂપલ બ્યુટી પાર્લર ચલાવતી હોવાથી તેને ત્યાં આવતા નુસરત શેખ સાથે સારો એવો પરિચય હતો. મારી પુત્રી કેનેડા હોવાથી અને તેના વિઝા પુરા થઈ જવા આવ્યા હોવાથી પી.આર માટે ફાઇલ મુકવાની હતી. બાદમાં નુસરત શેખે કહ્યું હતું કે હું છાણીમાં ઝુનઝુનવાલા કોમ્પ્લેક્સમા નોકરી કરું છું તે સેલ્વિન મેકવાન ઉર્ફે ...ક્રિશ્ચિયન ...લીયો વિઝા ...કન્સલ્ટન્ટનું કામ કરે છે અને તેઓ પી.આર કરાવી આપશે. જેથી અમને વિશ્વાસ આવતા મેં સેલ્વીન મેકવાનનો સંપર્ક કર્યો હતો. સેલ્વીને પાંત્રીસ લાખ રૂપિયામાં કામ કરી આપવાનું નક્કી કર્યું હતું અને અડધી રકમ પહેલા આપવાની શરત મૂકી હતી. જ્યારે બાકીની રકમ કામ પુરૂ થાય ત્યાર પછી ચૂકવવાની હતી.

આ પછી ફરિયાદી અને તેમના પરિવારજનોએ વિવિધ હપ્તામાં

**આ પ્રકારના સતત વધી ગયેલા કિસ્સાઓ વચ્ચે પોલીસ એફઆઈઆર તો નોંધી લેતી હોય છે પરંતુ ભોગ બનનારને રીકવરીના નામે મળતી હોય છે નકરી**




ઓનલાઈન ટ્રાન્સફર, ગુગલ પે તેમજ રોકડ મળી કુલ રૂ.૧૫.૦૭ લાખ આરોપીને ચૂકવ્યા હતા. ત્યારબાદ આરોપીએ ઈમિગ્રેશન સંબંધિત દસ્તાવેજો અને વિઝા સ્ટીકર મોકલ્યા હતા. જોકે વિદેશમાં રહેતા ઓળખીતાઓને તપાસ કરાવતા સ્ટીકર નકલી હોવાનું બહાર આવ્યું હતું. જે સ્ટીકર અમે વિદેશમાં રહેતા અમારા સંબંધીને મોકલતા તેમને આ સ્ટીકર ફ્રોડ હોવાનું કહ્યુ હતું. ચોકસીએ કહ્યું છે કે, અમે આ બાબતે સેલ્વીન મેકવાન ને વાત કરતા તેમણે અઢી લાખ રૂપિયા પરત કર્યા હતા. જ્યારે બાકીના બાર લાખ સતાવન હજારની રકમ આજ સુધી પરત કરી નથી. જેથી ફતેગંજ પોલીસે ગુનો નોધી કાર્યવાહી હાથ ધરી હતી.

રાજબરોજ આ રીતે વિઝાના નામે લેભાગુ કહેવાતા એજન્ટો લોકોને છેતરી રહ્યા છે. વિદેશ જવાની ઘેલછામાં અનેક લોકો પોતે જે તે એજન્ટને એજન્ટ કહે એ રીતે તેની પુરતી તપાસ કર્યા વગર લાખો રૂપિયા આપી દેતાં હોય છે અને બાદમાં છેતરાઇ જતાં હોય છે. પરંતુ જ્યારે છેતરાઇ ગયાનો અહેસાસ આવે ત્યારે ખુબ મોડુ થઇ ગયું હોય છે. કાં તો એજન્ટો થાય તે કરી લેવાની ધમકી આપી દેતાં હોય છે અને કાં તો ઓફિસને રાતોરાત તાળા મારી ભાગી જતાં હોય છે. આવી ઘટના રાજ્યભરમાં રોજબરોજ બનતી જ રહે છે. આ કિસ્સો પણ તેમાં હવે સામેલ થઇ ગયો છે. લેભાગુ એજન્ટ પકડાય અને ભોગ બનનારને તેના નાણા પાછા મળશે જ તેવી અહિ કોઇ જ ગેરેન્ટી હોતી નથી. પોલીસ એફઆઇઆર દાખલ કરે છે, આરોપીને પકડે પણ છે. પરંતુ રીકવરીના નામે ભોગ બનનારના ભાગે નકરી નિરાશા જ આવતી હોય છે એ પણ હકિકત છે.

---

ગમે તેની સાથે મિત્રતા, લવલફરા કરતાં પહેલા સો વખત વિચાર કરવો જરૂરી

# પરણીતાને પ્રેમજાળમાં ફસાવી દૂષ્કર્મ બાદ દગો

## કેટરીંગમાં સાથે કામ કરતાં સમીર પઠાણે એક સંતાનની માતાને ફસાવી લગ્નની લાલચ આપી દેહ પીંખ્યોઃ મહિલાએ લગ્નનું કહેતાં વિડીયો વાયરલ કરવાની ધમકી દઇ ભાગી ગયોઃ લવ સેક્સ ઔર ધોખાની આ ઘટના વધુ એક વખત ધરી રહી છે લાલબત્તી

રાજકોટઃ તા.૧૦

દૂષ્કર્મના કિસ્સાઓ રોજબરોજ કોઇને કોઇ પોલીસ સ્ટેશનમાં દાખલ થતાં રહે છે. લગ્નની લાલચ આપીને લેભાગુઓ ગમે તે સગીરા, યુવતિ, પરિણીતાઓના જીવતર બગાડી નાંખતા હોય છે. આવી સતત બની રહેલી ઘટનાઓ વચ્ચે પણ બીજી સગીરાઓ, યુવતિઓ જાગૃત બની રહી નથી એ કારણે લેભાગુઓ વધુ ને વધુ બેફામ બની રહ્યા છે. એક સંતાનની માતાને એક લેભાગુએ પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી ચાર વર્ષ સુધી દેહ પીંખ્યો હતો. કેટરીંગના કામમાં પરિચય થયા બાદ આ લેભાગુએ પ્રેમના ઓઠા તળે અને લગ્નની લાલચ તળે પોતાનો સ્વાર્થ સાધ્યો હતો અને પછી મહિલાને તરછોડીને ભાગી ગયો હતો.

ગમે તેની સાથે મિત્રતામાં કે પ્રેમમાં પડી જતી યુવતિઓ, મહિલાઓ માટે લાલબત્તી સમાન વધુ એક આ કિસ્સો બન્યો છે. આ બનાવ સુરત શહેરમાં બન્યો છે. સરથાણા વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારો અને શરમજનક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એક સંતાનની માતાને પ્રેમજાળમાં ફસાવી, સમીર પઠાણ નામના યુવકે લગ્નની ખોટી લાલચ આપી છેલ્લા ચાર વર્ષથી સતત શારીરિક શોષણ કર્યું હતું. એટલું જ નહીં, આરોપીએ મહિલાના અંગત પળોના વીડિયો ઉતારી તેને સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપીને તરછોડી દીધી હતી.

આ મામલે પીડિતાએ હિંમત દાખવી સરથાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપીની



શોધખોળ શરૂ કરી હતી. પોલીસ સુત્રોએ જણાવ્યું કે શહેરના કામરેજ રોડ પર સરથાણા વિસ્તારમાં રહેતી અને કેટરીંગના વ્યવસાય સાથે સંકળાયેલી તેત્રીસ વર્ષીય મહિલા પોતાના એક સંતાન સાથે જીવન ગુજારે છે. તેનો સંપર્ક સુરતના ઉન પાટીયા વિસ્તારમાં નુરાની મસ્જિદ સામે રહેતા સમીર અમીર પઠાણ સાથે થયો હતો. સમીર પણ તે જ કેટરીંગમાં કામ કરતો હોવાથી બંને વચ્ચે અવારનવાર વાતચીત થતી હતી.

સમીરે ફોન પર મીઠી-મીઠી વાતો કરીને મહિલાને પોતાની પ્રેમજાળમાં ફસાવી દીધી હતી અને બંને વચ્ચે મિત્રતા ગાઢ બની હતી. પીડિતા પરિણીત હોવા છતાં સમીરે તેને લગ્ન કરવાની ખાતરી આપી હતી અને વિશ્વાસમાં લીધી હતી. ચાર વર્ષ પહેલા સમીર પઠાણે મહિલાને લગ્નની લાલચ આપીને અવારનવાર તેની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધો બાંધ્યા હતા. મહિલા પણ સમીરના પ્રેમમાં અંધ બની તેના પર વિશ્વાસ કરતી રહી અને સમીર છેલ્લા ચાર વર્ષથી સતત તેનું શારીરિક શોષણ કરતો રહ્યો હતો. સમય વીતતા જ્યારે મહિલાએ સમીર પર લગ્ન કરવા માટે દબાણ કરવાનું શરૂ કર્યું ત્યારે સમીરનો અસલી ચહેરો સામે આવ્યો હતો.

તે લગ્ન ન કરવા માટે અલગ-અલગ બહાના બનાવવા લાગ્યો હતો. અંતે તેણે લગ્ન કરવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો હતો. પીડિતાએ જ્યારે વિરોધ કર્યો ત્યારે સમીરે તેની પાસે રહેલા મહિલાના અંગત પળોના અશ્લીલ વીડિયો બતાવીને તેને સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની અને બદનામ કરવાની ધમકી આપી હતી. આ ધમકી આપ્યા બાદ આરોપી પીડિતાને લાચાર હાલતમાં તરછોડીને નાસી છૂટ્યો હતો. આખરે આ માનસિક અને શારીરિક ત્રાસથી કંટાળીને અને સમીરના ચુંગાલમાંથી મુક્ત થવા માટે પીડિતાએ  સરથાણા પોલીસ મથકનો સંપર્ક કર્યો હતો. પીડિતાની આપવીતી સાંભળીને પોલીસે આરોપી સમીર અમીર પઠાણ સામે દુષ્કર્મ અને ધમકી આપવા સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. પોલીસે પીડિતાનું તબીબી પરીક્ષણ કરાવીને ફરાર આરોપી સમીર પઠાણને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતાં. આમ મિત્રતા, પ્રેમના નામે વધુ એક લેભાગુ દાવ કરી ગયો હતો અને પરિણીતાની જિંદગી બરબાદ કરી ગયો હતો.

વ્યાજંકવાદ ફાટીને ધુમાડે ગયોઃ નોંધાય છે એ ઠીક, નહિ નોંધાતા હોય એવા પણ અનેક કેસઃ પોલીસ દુષણને ડામવા સક્રિય પણ સફળતા નહિવત

# અધધધ ૨૫ ટકા વ્યાજ વસુલી, મજબૂર લોકો પર સિતમ

## કચ્છી દાબેલીના વેપારીએ પત્નિની બિમારી, ધંધા માટે બે વર્ષ પહેલા એક પાસેથી વ્યાજે નાણા લીધા પછી આઠ જણાની જાળમાં ફસાયાઃ એકે તો વેપારીના દિકરાનું લેપટોપ પણ પડાવ્યુંઃ અમુકે ડાયરીઓનું વ્યાજ પડાવ્યુંઃ બીજા બનાવમાં વૃધ્ધ સાસુ પાસેથી જમ સમાઇ જમાઇએ વ્યાજ પડાવ્યું અને ધોકાવાળી કરી હાથ ભાંગી નાંખ્યો

રાજકોટઃ તા.૧૦

શહેરમાં વ્યાજખોરીના કિસ્સા ફરી વધી ગયા છે. એક કારખાનેદારે માતાજીના માંડવા માટે મિત્ર પાસેથી દોઢ લાખ વ્યાજે લઇ એકવીસ લાખ જેવી રકમ ચુકવી દીધી છતાં તેની પાસે વધુ સાડા સોળ લાખ માંગી ધમકી અપાતી હોવાનો કિસ્સો તાજો જ છે. ત્યાં વધુ બે ચોંકાવનારા બનાવ સામે આવ્યા છે જેમાં એક દાબેલીના ધંધાર્થીએ પત્નિની બિમારી અને ધંધાના વિકાસ માટે અલગ અલગ આઠ લોકો પાસેથી વ્યાજે લીધેલી રકમ સામે ભરપુર વ્યાજ ચુકવ્યું છતાં વધુ વ્યાજ માંગી ધમકી અપાતાં તેમણે આપઘાતનો પ્રયાસ કર્યો છે. પોલીસ સુધી અમુક ઘટના જ પહોંચે છે, નહિ નોંધાતી ફરિયાદો પણ અનેકગણી હોવાની શક્યતા છે. આ કિસ્સામાં તો એક વ્યાજખોરે અધધધ પચ્ચીસ ટકા વ્યાજ વસુલ્યુ હતું અને વેપારીના દિકરાનું લેપટોપ પણ પડાવી ગયો હતો! બીજા કિસ્સામાં જમાઇએ જમ જેવુ વર્તન કરી સાસુ પાસેથી વ્યાજની ઉઘરાણી કરી તેણીનો હાથ ભાંગી નાંખ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો રેલનગરમાં રહેતાં દાબેલીના વેપારીએ ઘેનની ટીકડીઓ પી આપઘાતનો પ્રયાસ કર્યાના બનાવમાં પોલીસે તેની ફરિયાદને આધારે બે મહિલા સહિત આઠ સામે વ્યાજખોરીનો ગુનો દાખલ કરાયો છે. જે બે મહિલા છે તે સગી બહેનો છે. રેલનગર શ્યામા સ્કાઇ લાઇફ એપાર્ટમેન્ટમાં રહેતાં અને મા કોમ્પલેક્ષમાં શ્યામ કચ્છી દાબેલી નામે ધંધો કરતાં પચાસ વર્ષના પરેશભાઇ મહેશભાઇ પુરોહિત નામના વેપારીએ રવિવારે રાતે રેલનગરમાં ઉંઘની ટીકડીઓ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તેઓ ભાનમાં આવ્યા બાદ વ્યાજંકવાદમાં ફસાયાનું ખુલતાં તેમની ફરિયાદ પરથી પોલીસે પુનીતનગરના હીમાંશુ પ્રકાશભાઇ વ્યાસ, રેલનગરના દિવ્યરાજસિંહ મોહનસિંહ જાડેજા, દિગ્વીજયસિંહ રાણા, પોપટપરાના રાજભા ચુડાસમા, પોપટપરાના ઇમરાન સુલેમાન સંધી, રેલનગર ગુલમહોર પ્લાઝમાં ઓફિસ ધરાવતાં હીમાંશુ ભુપતભાઇ ટંકારીયા, સ્લમ ક્વાર્ટરની હસીનાબેન કમલશા રફાઇ અને રેલનગરની રેશ્માબેન દિલવારભાઇ કુરેશી વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી હતી.

આ કિસ્સમાં પોલીસ ફરિયાદમાં ચોંકાવનારી હકિકત સામે આવી હતી. પરેશભાઇ દાબેલીની દુકાન ચલાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. આજથી આશરે બે વર્ષ પહેલાં તેમની પત્નિ વર્ષાબેનને થાઈરોઈડની બીમારી લાગુ પડતા તેની સારવારના ખર્ચ માટે તેમજ દાબેલીના ધંધાના વિકાસ માટે પરેશભાઈને નાણાંની તાતી જરૂરિયાત ભી થઈ હતી. આથી તેમણે મજબુરીવશ જુદા-જુદા લોકો પાસેથી સાતથી પચ્ચીસ ટકા જેવી રકમ વ્યાજે લીધી હતી. પરેશભાઈ નિયમિત રીતે તમામ વ્યાજખોરોને વ્યાજ અને ડાયરીના હપ્તા ચૂકવતા હતા. પરંતુ છેલ્લા એકાદ મહિનાથી તેમનો દાબેલીનો ધંધો વ્યવસ્થિત ચાલતો ન હોવાથી વ્યાજના હપ્તા ચુકવવામાં વિલંબ થયો હતો.

આથી પરેશભાઈને ફોન પર તથા રૂબરૂ તેમની દુકાને આવીને બેફામ ગાળો ભાંડી 'રૂપિયા નહીં આપો તો જાનથી મારી નાખીશું' તેવી ધમકીઓ વ્યાજખોરોએ આપવાનું શરૂ કર્યું હતું. આ માનસિક ત્રાસ અસહ્ય બની જતાં પરેશભાઈએ ગટમીએ રાત્રે સાડા બાર વાગ્યે મેડિકલ સ્ટોરમાંથી ઘની ગોળીઓ ખરીદી એકસાથે ગળી લીધી હતી. ઝેરી અસર થતાં તેમને સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાંથી રજા મળતા જ તેમણે પોલીસનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. હિમાંશુ વ્યાસે બે વર્ષ પહેલાં રૂ. ૨૦,૦૦૦ માસિક ૭ ટકાના વ્યાજે આપ્યા હતા. પરેશભાઈએ રૂ. ૩૨,૦૦૦ ચૂકવી દીધા હોવા છતાં હજુ મૂળ રકમ રૂ. ૨૦,૦૦૦ ની ઉઘરાણી ચાલુ રાખી હતી.




જયારે દિવ્યરાજસિંહે સાત મહિના પહેલાં રૂ. ૫૫,૦૦૦ માસિક ૧૦ ટકાના વ્યાજે આપ્યા હતા. રૂ. ૩૯,૦૦૦ વસૂલ્યા બાદ પણ વેપારીના દીકરા પાર્થનું રૂ. ૪૫,૦૦૦ ની કિંમતનું લેપટોપ ગીરવે મૂકાવી દીધું હતું અને બે કોરા ચેક તેમજ આધાર-પાન કાર્ડની ઝેરોક્ષ પડાવી લીધા હતા. દિગ્વિજયસિંહ પાસેથી દોઢ મહિના પહેલાં રૂ. 30,000 માસિક ૧૨ ટકાના વ્યાજે આપ્યા હતા. માસિક રૂ. ૧૨,૦૦૦ના હપ્તા નક્કી કરી એક હપ્તો વસૂલ્યો હતો અને બે કોરા ચેક તથા દસ્તાવેજો પડાવ્યા હતા. રાજભા ચુડાસમા પાસેથી એક મહિના પહેલાં ૧૦ ટકાના વ્યાજે રૂ. ૫,૦૦૦ આપ્યા હતા, જેમાં ૬૦ દિવસ સુધી રોજની રૂ. ૫૦૦ ની ડાયરી ભરવાની શરત હતી.

પરેશભાઈએ રૂ. ૧૯,૦૦૦ ભરી દીધા હોવા છતાં આખી મૂળ રકમ રૂ. ૫,૦૦૦ ની માંગણી કરી કોરો ચેક પડાવી લીધો હતો. તેમજ ઈમરાને એક મહિના પહેલાં ૨૫ ટકાના તોતિંગ વ્યાજે રૂ. ૧૫,૦૦૦ની રોજની રૂ. ૩૦૦ વાળી ડેઇલી ડાયરી આપી હતી. રૂ. ૮,૧૦૦ ચૂકવવા છતાં હજુ મુળ રકમ અને વ્યાજ માટે દબાણ કરતો હતો. હિમાંશુએ દોઢ મહિના પહેલાં રૂ. ૧૫,૦૦૦ માસિક ૨૦ ટકાના વ્યાજે આપ્યા હતા. રૂ. ૬,૦૦૦ વસુલ્યા બાદ પણ બે કોરા ચેક અને આધાર-પાન કાર્ડની નકલો રાખી ત્રાસ આપતો હતો. જ્યારે હસીનાબેન અને તેની બહેન રેશમાબેને ત્રણ માસ પહેલાં ભેગા મળીને રૂ. ૨૦,૦૦૦ માસિક ૨૦ ટકાના વ્યાજે વેપારીની દુકાને આવીને આપ્યા હતા. રૂ. ૧૨,૦૦૦ પરત મેળવ્યા બાદ પણ વ્યાજ અને મૂળ રકમ માટે ધમકીઓ આપતી હતી અને બે કોરા ચેક તથા દસ્તાવેજો કબ્જે રાખ્યા હતા.

બીજો કિસ્સો જોઇએ તો જામનગર રોડ પર પરસાણા નગર શેરી નં. ૧, દીવ્ય એપાર્ટમેન્ટમાં રહેતા ઉષાબેન પ્રવીણભાઈ જોબનપુત્રા નામના પાંસઠ વર્ષના વૃધ્ધાએ આ મામલે જમાઇ સંજય અભેસીંગભાઇ રાઠોડ, દિકરી મીરા સંજય રાઠોડ અને જમઇાના ભત્રીજા પ્રતિક રાઠોડ સામે ગુનો નોંધ્યો હતો. આશરે અઢી વર્ષ પહેલાં પોતાના જમાઈ સંજય પાસેથી પાંચ ટકાના વ્યાજે રૂ. ૫૦,૦૦૦ લીધા હતા. આ વ્યાજ ભરવા માટે સગવડ ન થતાં, તેમણે દોઢેક વર્ષ પહેલાં બીજા રૂ. ૫૦,૦૦૦ પણ પાંચ ટકા વ્યાજે લીધા હતા. આ પછી તેઓ દર મહિનાની ૧૫ તારીખે નિયમિત રૂ. ૫,૦૦૦ વ્યાજ ચૂકવતા હતા. આ રીતે અત્યાર સુધીમાં કુલ રૂ. ૧,૬૫,૦૦૦ વ્યાજ પેટે ચુકવી દીધા છે.

આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે મુળ રકમ પરત ન થઈ શકતાં ઉષાબેનની દીકરી મીરાબેન તથા જમાઈ સંજયભાઈએ વ્યાજની પઠાણી ઉઘરાણી શરૂ કરી હતી. અગાઉ ગત તારીખ ૧૨/૫ના રોજ રતનપર ખાતે વ્યાજની ઉઘરાણી બાબતે જમાઈએ ફરિયાદી ઉષાબેનને માર મારી હાથમાં ફ્રેક્ચર કરી નાખ્યું હતું. જો કે તે સમયે માતાના કહેવાથી પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી ન હતી. દરમિયાન ગત તારીખ ૫/૬ના રોજ રાત્રિના અગિયાર વાગ્યાની આસપાસ ફરિયાદી જ્યારે તેમના દીકરા ભાવિનના ઘરે રોકાયા હતા ત્યારે જમાઈ સંજયે ફોન કરીને બિભત્સ ગાળો આપી હતી અને ધમકી આપી હતી.

તેણે કહ્યું હતું કે-તારા છોકરાને જાનથી મારી નાખવો છે, એના હાડકાં ભાંગી નાખવા છે, પોલીસની બહુ હવા છે તો પોલીસને પણ બોલાવી રાખે, હું આવું છું. ત્યારબાદ ફરિયાદીના દીકરા ભાવિન અને જમાઈના ભત્રીજા પ્રતીક વચ્ચે પણ ફોન પર ઉગ્ર બોલાચાલી થઈ હતી અને પ્રતીકે પણ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ધમકીભર્યા ફોન બાદ ફરિયાદીનો પરિવાર ડરી ગયો હતો અને દીકરા ભાવિને તાત્કાલિક ૧૧૨ નંબર પર ફોન કરી પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં કાચી અરજી આપી હતી. આ દરમિયાન જમાઈ સંજય અને તેનો ભત્રીજો પ્રતીક હાથમાં ધોકા લઈને ફરિયાદીના ઘરની બહાર ધસી આવ્યા હતા અને આખા પરિવારને મારવાની ધમકી આપી હતી. અંતે પોલીસ ફરિયાદ નોંધાવાઇ હતી. બંને કિસ્સામા પોલીસ ઇન્સ. એમ. ડી. મકવાણાના માર્ગદર્શનમાં પીએસઆઇ ડી. એસ. ગજેરા તથા પીએસઆઇ કે. કે. ચાવડાએ અલગ અલગ ગુના નોંધી તપાસ આગળ ધપાવી હતી.

જો તમે આધાર કાર્ડ-પાન કાર્ડ અપડેટ નહિ કરાવો તો બેંક ખાતું બ્લોક થઇ જશે

# સાયબર ગઠીયાએ મહિલાને ડરાવી પડાવ્યા ૭.૫૦ લાખ

**ગઠીયાએ જેમક હ્યું તેમ કર્યુ અને એપીકે ફાઇલ ઇન્સ્ટોલ કરીઃ એ પછી બેંક ખાતે રૂબરૂ મહિલાના પતિ આધાર-પાન આપવા ગયા ત્યાં સુધીમાં ફ્રોડ થઇ ગયું**

રાજકોટઃ તા.૧૦

સાયબર ફ્રોડની ઘટનાઓ એક ભુલો ત્યાં બીજી ચાર પાંચ હાજર જ હોય છે. આમ તો રોજબરોજ કોઇને કોઇ સાયબર ગઠીયાની જુની નવી તરકીબનો ભોગ બની હજારો, લાખો અને ક્યારેક કરોડો રૂપિયા ગુમાવી દેતાં હોય છે. પરંતુ રોજબરોજ એફઆઇઆર દાખલ કરવાને બદલે પોલીસ અરજી હાથ પર રાખી તપાસ કરવાનું વધુ પસંદ કરતી હોય છે.

આવુ કરવાથી ક્રાઇમ રેટ પણ નીચો હોવાનો દેખાવ કરી શકાય છે. સાયબર ફ્રોડ આચરતા ગઠીયાઓએ આ વખતે આધાર કાર્ડ અપડેટ કરી આપવાના નામે ફોન કરી જો અપડેટ નહિ કરાવો તો બેંક ખાતુ સસ્પેન્ડ થઇ જશે તેવો ભય બતાવી મહિલાના બેંક ખાતામાંથી લાખો રૂપિયા ઉસેડી લીધા હતાં.

વિગતો પર નજર કરીએ તો આ ઘટનામાં અમદાવાદના એક મહિલા ભોગ બન્યા છે. તમારૂ આધાર-પાનકાર્ડ અપડેટ નહીં હોવાથી બૅન્ક ખાતું સસ્પેન્ડ કરવામાં આવે છે. બૅન્કના નામે આવા મેસેજ સાથે એપીકે ફાઈલ મોકલી સાઇબર ગઠિયાએ મહિલા પાસેથી રૂ.૭.૪૬ લાખ પડાવી લીધા હતા. મહત્ત્વની વાત એ કે આ મેસેજ જોતાં મહિલાના પતિએ પત્નિના આધાર કાર્ડ-પાનકાર્ડની ઝેરોક્ષ કરાવી પત્નિની સહી કરાવી બૅન્કમાં રૂબરૂ આપવા ગયા ત્યારે



બૅન્ક સ્ટાફે કહ્યું કે બૅન્ક તરફથી આવો કોઈ મેસેજ તમને મોકલવામાં આવ્યો નથી. આ સાંભળી તેઓ હક્કાબક્કા થઇ ગયા હતાં અને પોતાની સાથે ફ્રોડ થઇ ગયાની ખબર પડી હતી.

વધુ માહિતી જોઇએ તો નિકોલ વિસ્તારની જીવનધારા સોસાયટીમાં રહેતાં નિલમ પટેલ કે જસાડત્રીસ વર્ષના છે તેના પતિ ભાવિન પટેલ ફાર્મા કંપનીમાં જોબ કરે છે. બૅન્ક ઓફ ઇન્ડિયાની બાપુનગર બ્રાંચમાં નિલમબહેનનું સેવિંગ ખાતું છે. તેમના વોટ્સએપ પર બૅન્ક ઓફ ઇન્ડિયાના નામે કેવાયસી અપડેટના લેટરની સાથે બૅન્ક ઓફ ઇન્ડિયા પાન કાર્ડ અપડેટ.એપીકે નામની ફાઇલ આવી હતી.

મોકલાયેલા આ મેસેજમાં લખ્યું હતું કે તમારૂ બૅન્ક ઓફ ઇન્ડિયાનું ખાતું સસ્પેન્ડ કરવામાં આવે છે. આધાર કાર્ડ-પાનકાર્ડ અપડેટ નથી જેથી તમારે અપડેટ કરવું પડશે. તેમણે મેસેજ પર ધ્યાન આપ્યું નહોતું. પતિ ભાવિને મેસેજ જોઈ પત્નિના આધાર કાર્ડ-પાનકાર્ડની ફોટોકૉપી કરાવી પત્નીની સહી કરાવી બૅન્કમાં કેવાયસી માટે આપવા ગયા ત્યારે સ્ટાફે કહ્યું કે બૅન્ક તરફથી તમને આવો કોઈ મેસેજ કરાયો નથી. તેથી તપાસ કરતાં નિલમ પટેલના ખાતામાંથી જુદાં-જુદાં ટ્રાન્ઝેક્શનથી રૂ.૭.૪૬ લાખ વિડ્રો થયા હતા. આ અંગે નિલમબહેને સાઇબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવી હતી.

આમ સાયબર ગઠીયાઓ વધુ એક વખત એપીકે ફાઇલનો ઉપયોગ કરી બેંક ખાતુ સફાચટ કરી ગયા હતાં. મોટે ભાગે ટ્રાફિક ઇ-ચલણના નામે કે ક્રેડીટ કાર્ડ અપડેટ અથવા તો બેંક કેવાયસી અપડેટના નામે એપીકે ફાઇલ મોકલીને ફ્રોડ આચરવામાં આવે છે. પણ આ વખતે આધાર કાર્ડ અપડેટના નામે એપીકે ફાઇલ મોકલી ફોન હેક કરી બેંક ખાતામાંથી નાણા ઉસેડી લેવાયા હતાં. આ પ્રકારના કોઇપણ બેંકના નામે આવતાં કોલ્સ, મેસેજનો જવાબ આપ્યા પહેલા શક્ય હોય તો રૂબરૂ બેંક ખાતે જઇ તપાસ કરી લેવી જોઇએ અને એ પછી જ આગળ પ્રોસેસ કરવી જોઇએ. જો આધાર અપડેટના નામે કોલ્સ કે મેસેજ આવે તો આધાર કેન્દ્ર પર જઇને પણ તપાસ કરી શકાય છે. લોકો થોડા અમથા જાગૃત બનશે અને આળસ ખંખેરશે તો સાયબર ગઠીયાઓની કારી ફાવશે નહિ એ પણ હકિકત છે.

# વાડીએ જવા નીકળેલા વૃધ્ધને રસ્તામાં ભેટ્યો કાળ

## મોટરસાઇકલ સ્લીપ થતાં સારવાર દરમિયાન દમ તોડી દીધો

રાજકોટઃ તા.૧૦

વાહન અકસ્માતની વધુ એક ઘટના જીવલેણ બની હતી. જેમાં ધ્રોલના લતીપર પાસે મોટરસાઇકલ સ્લીપ થઇ જતા લતીપર ગામે રહેતાં વૃધ્ધનું મોત નિપજતાં પરિવારમાં, ગામમાં અરેરાટી વ્યાપી ગઇ છે.

તેઓ ઘરેથી વાડીએજતાં હતાં ત્યારે આ બનાવ બન્યો હતો. સારવાર દરમિયાન રાજકોટમાં તેમનું મૃત્યુ થયું હતું.

વિશેષ માહિતી અનુસાર ધ્રોલ તાલુકાના લતીપર ગામે રહેતા ડાયાભાઈ હીરાભાઈ તળપદા નામના અડસઠ વર્ષના વૃધ્ધ ગત ચોવીસમી મેના રોજ લતીપર ખાતે પોતાના ઘરેથી નજીકમાં આવેલ કૃષ્ણપરામાં આવેલી પોતાની વાડીએ મોરટસાઇકલ હંકારીને જતા હતા ત્યારે રસ્તામાં તેમનું વાહન કોઇ કારણોસર સ્લીપ થઈ જતાં માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. તેમને સારવાર




માટે ધ્રોલ અને ત્યાંથી રાજકોટ ખસેડાયા હતાં. અહિ ખાનગી હોસ્પિટલમાં તેમનું મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. હોસ્પિટલ દ્વારા માલવીયાનગર પોલીસને જાણ કરવામાં આવતાં પ્રાથમિક કાગળો કરી ધ્રોલ પોલીસને મોકલાયા હતાં. તેઓ ખેતી કરવા સાથે નિવૃત જીવન જીવતાં હતાં. બે ભાઇ અને ચાર બહેનમાં મોટા હતાં અને સંતાનમાં એક દિકરી તથા ત્રણ દિકરા છે. ઘટનાથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

દિલની દગાખોરી, વાહન અકસ્માત, બેભાન થઇ જવાથી અપમૃત્યુની ત્રણ ઘટના

# ST કંડકટરને ચાલુ બસે હાર્ટએટેક આવતા મોત

## એક વૃધ્ધ મોટર સાઇકલ લઇને નીકળ્યા અને કાર બની ગઇ કાળઃ એક વૃધ્ધ બેભાન થઇ ગયા બાદ જીવ ગયોઃ એક મહિલાએ પતિના લફરાથી કંટાળી જીવ દેવા પ્રયાસ કર્યો પણ સફળતા ન મળી

રાજકોટઃ તા.૧૦

રોજબરોજ કોઇને કોઇ પરિવાર પોતાના સ્વજનોને અપમૃત્યુની ઘટનામાં ગુમાવી દે છે. વધુ આવી કરૂણ ઘટનાઓ સામે આવી છે જેમાં એસટીના કંડકટરની જિંદગીની સફર બસમાં જ હાર્ટએટેક આવી જતાં મૃત્યુ થયું હતું. બીજી તરફ એક વૃધ્ધ મોટરસાઇકલ લઇને નીકળતાં તેમના માટે એક કાર કાળ બનીને ત્રાટકી હતી. તો એક વૃધ્ધ ઘરે બેભાન થઇ જતાં મોત થયું હતું. એક પરિણીતાએ પતિ સાથેની માથાકુટને કારણે કંટાળી પોલીસ સ્ટેશન પાસે જઇને ઝેરના પારખા કર્યા હતાં. પણ તેને સારવાર માટે ખસેડવામાં આવતાં જીવ બચી ગયો હતો.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો મનુષ્યને પરલોકમાંથી ગમે ત્યારે અને ગમે તે સ્થળે તેડુ આવી જતું હોય છે. આવી જ એક ઘટનામાં એસટી બસના કંડકટરની જિંદગીનો અંત આવી ગયો હતો. જામનગર રહેતાં પંચાવન વર્ષના જામનગર ડેપોના કંડકટર સુરત-રાજકોટ રૂટની બસમાં રાજકોટ તરફ આવી રહ્યા હતાં ત્યારે કુવાડવા નજીક રામપર બેટી પાસે બસ પહોંચી ત્યારે છાતીમાં દુઃખાવો ચાલુ થઇ જતાં સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. પરંતુ અહિ શ્વાસ થંભી ગયાનું જાહેર થતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. જામનગરના વલ્લભ પાર્કમાં રહેતાં પંચાવન વર્ષના વિરેન્દ્રભાઇ હિમતલાલ જાની જામનગર એસટી ડેપોમાં કંડકટર તરીકે ફરજ બજાવતાં હતાં.

તેઓ સુરત-રાજકોટ રૂટની એસટી બસમાં રાજકોટ તરફ આવી રહ્યા હતાં ત્યારે બસ કુવાડવાના રામપર બેટી નજીક પહોંચી તે વખતે વિરેન્દ્રભાઇએ છાતીમાં ગભરામણ થઇ રહ્યાની ફરિયાદ કરી હતી. તેમની તબિયત બગડતાં તુરત જ ડ્રાઇવરે નજીકના કુવાડવા આરોગ્ય કેન્દ્ર ખાતે બસ પહોંચાડી દીધી હતી. પણ ત્યાંથી વધુ સારવાર માટે વિરેન્દ્રભાઇને રાજકોટ લઇ જવાનું કહેવાતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પણ અહિ તેમનું મૃત્યુ થયાનું તબિબે જાહેર કર્યુ હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના હેડકોન્સ. કેતનભાઇ પરમારે એરપોર્ટ પોલીસને કરતાં એએસઆઇ પરેશભાઇ એમ. સાંગાણીએ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. મૃત્યુ પામનાર વિરેન્દ્રભાઇ પાંચ ભાઇ અને ત્રણ બહેનમાં નાના હતાં. તેમને સંતાનમાં એક દિકરો અને બે દિકરી છે. આ ત્રણ સંતાને પિતાની છત્રછાંયા ગુમાવતાં જાની પરિવારમાં ગમગીની



વ્યાપી ગઇ હતી. વિરેન્દ્રભાઇ ૧૯૯૮થી એસટી કંડકટર તરીકે ફરજ બજાવતાં હતાં.

બીજી ઘટના જોઇએ તો તેમાં જીવલેણ અકસ્માતની ઘાત એક વૃધ્ધનો ભોગ લઇ ગઇ હતી. વાંકાનેરના નવા મહિકા પાસે કારની ઠોકરે ટુવ્હીલર ચડી જતાં જીવલેણ અકસ્માત સર્જાયો છે. વાંકાનેરના કોઠી ગામના વૃધ્ધ ટુવ્હીલર સહિત ફંગોળાઇ જતાં તેમનું મોત થયું હતું. વાંકાનેરના કોઠી ગામે રહેતાં પાંસઠ વર્ષના કેશુભાઇ ખીમાભાઇ બાંભણીયા નામના વૃધ્ધ ગઇકાલે સાંજે પોતાનું મોટરસાઇકલ હંકારીને જતાં હતાં ત્યારે નવા મહિકા ગામ પાસે પહોંચતા એક કારની ઠોકરે ચડી જતાં વાહન સહિત રોડ પર ફેંકાઇ ગયા હતાં.

આ અકસ્માતમાં તેમને ગંભીર ઇજાઓ પહોંચતા વાંકાનેર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ રાત્રીના મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે વાંકાનેર તાલુકા પોલીસને જાણ કરી હતી. મોભીના મોતથી બાંભણીયા પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. પોલીસે કારચાલક વિરૂધ્ધ કાર્યવાહી કરવા તજવીજ કરી હતી.

જયારે ત્રીજી ઘટના જોઇતે ચોટીલાના ભોજપરા ગામે રહેતાં મેરામભાઇ સવશીભાઇ વાલાણી નામના સાંઇઠ વૃધ્ધનું બેભાન હાલતમાં મૃત્યુ થયું હતું. મેરામભાઇ સાંજે છએક વાગ્યે ઘરે હતાં ત્યારે બેભાન થઇ જતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે આણંદપર પોલીસને જાણ કરતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. બનાવથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

અન્ય એક બનાવમાં મહિલાએ મરી જવા પ્રયાસ કર્યો હતો પણ સફળતા મળી નહોતી. ગોંડલમાં વ્હોરા કોટડા રોડ પર પંચપીરની ધાર પાસે રહેતાં પાંત્રીસ વર્ષના રવિનાબેન જ્યોતિષ રાઠોડ નામના પરિણીતાએ ગોંડલમાં મહિલા પોલીસ સ્ટેશન પાસે ઝેરી દવા પી લેતાં ગોંડલ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે. રવિનાબેને જણાવ્યું હતું કે તેના પતિ ડીજેની ગાડી હંકારે છે. પોતાને સંતાનમાં બે દિકરા અને એક દિકરી છે.

તેણીએ આક્ષેપ કર્યો હતો કે પતિને કોઇ અન્ય સ્ત્રી સાથે લફરૂ છે આ બાબતે બંને વચ્ચે બોલાચાલી થતાં પોતાને ગુસ્સો આવતાં ઝેરી દવા લઇને નીકળી ગઇ હતી અને મહિલા પોલીસ સ્ટેશન પાસે દવા પી લીધી હતી. રાજકોટ હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગોંડલ એ-ડિવીઝન પોલીસને જાણ કરતાં ખરેખર ઘટના શું બની હતી તેની તપાસ હાથ ધરી હતી.

ખખડીને ખાડે અને બગડીને બેહાલ થયેલા મનપાના ભ્રષ્ટ તંત્રને પ્રમાણિકતા કાર્યદક્ષતાનો ડોઝ આપવા પ્રદેશ ભાજપ અને નવા પદાધિકારીઓ મક્કમ હોવાનો નિર્દેશ

# મ્યુ.કોર્પો.તંત્રમાં જબરી સાફસુફીની હિલચાલ

પૂર્વ ચેરમેનની કાર્યપદ્ધતિથી સંપૂર્ણ વિપરીત કાર્યશૈલી અપનાવતી સ્ટેન્ડિંગ કમિટીઃ ઓછી દરખાસ્ત હશે તો વધુ અભ્યાસ થઈ શકશે તેવું નવનિયુક્ત ચેરમેનનું માનવું



રાજકોટ, તા. ૧૦

રાજકોટ મહાનગરપાલિકાના પૂર્વ હોદ્દેદારોની વિવાદાસ્પદ કામગીરીની ચર્ચાએ જોર પકડ્યું છે. હાલ નવનિયુક્ત હોદ્દેદારો દ્વારા જે પ્રકારે ધડાધડ નિર્ણયો લેવામાં આવી રહ્યા છે તેનાથી એ વાત તો સ્પષ્ટ છે કે પૂર્વ હોદ્દેદારોના કામોથી મહાનગરપાલિકાની છબી ઘણાખરા અંશે ખરડાઈ છે ત્યારે તેને ફરી યોગ્ય કરવા હાલ અનેકવિધ નિર્ણયો નવનિયુક્ત હોદ્દેદારો દ્વારા લેવામાં આવી રહ્યા છે. મહાનગર પાલિકામાં હાલ જબરી સાફ સુફીની હિલચાલ જોવા મળી રહી છે. જેમાં પૂર્વ ચેરમેન દ્વારા કરેલા કામોની તપાસ હાથ ધરાઈ તેવી પણ ચર્ચાએ જોર પકડ્યું છે. આ તમામ કાર્ય કરવા પાછળનો મુખ્ય હેતુ અને લક્ષ્ય એ જ છે કે ભ્રષ્ટાચારી હોદ્દેદારોને દૂર કરી કાર્યદક્ષ કાર્યકરોને પ્રાધાન્ય આપવામાં આવે જેથી મહાનગરપાલિકાની જે છબી ખરડાઈ છે તે ચોખ્ખી કરી શકાય. હાલ અનેવિધ ચર્ચાએ મહાનગરપાલિકાની લોબીને ગરમ કરી દીધી છે ત્યારે મહાનગરપાલિકાની વિવિધ સમિતિઓમાં પણ એવા હોદ્દેદારોને મુકવામાં આવશે કે જેઓની છબી ખરડાયેલી ન હોય.

ગઈકાલે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો જેમાં હવે દર મહિને નહીં પરંતુ દર સપ્તાહે આ બેઠક મળે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. લીધેલો નિર્ણય અત્યંત આશ્ચર્યજનક છે પરંતુ આ બાબતે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશ પીપળીયાએ માહિતી આપતા જણાવ્યું હતું કે જો દર સપ્તાહે સ્ટેન્ડિંગની બેઠક મળશે તો ખૂબ ઓછી દરખાસ્ત આવશે અને તે દરેક દરખાસ્ત પર સભ્યો શાંતિપૂર્ણ વિચાર વિમર્શ કરી શકશે અને તેનો અભ્યાસ કરી શકશે જેથી રાજકોટ શહેરનો પૂર્ણતઃ વિકાસ શક્ય બનશે અને કામગીરીની રૂપરેખા પણ નક્કી કરાશે.

આડકતરી રીતે નવનિયુક્ત સ્ટેન્ડિંગ ચેરમેને પૂર્વ સ્ટેન્ડિંગ ચેરમેન ની કામગીરી ને વખોડી હતી અને જણાવ્યું હતું કે પહેલા દરેક સ્ટેન્ડિંગમાં અનેકવિધ દરખાસ્ત તો આવતી જેના પર ચર્ચા વિચારણા કરવી શક્ય બનતી ન હતી અને માત્ર બે મિનિટમાં જ બેઠક પૂર્ણ કરી દેવાથી જેથી વિકાસકામોને જે યોગ્ય ન્યાય મળવો જોઈએ તે મળી શકતો ન હતો. પરંતુ હવે જો દર સપ્તાહમાં સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળે તો આવેલી જરૂરી દરખાસ્ત ઉપર યોગ્ય રીતે અભ્યાસ કરવાની તક દરેક સભ્યોને મળી શકે અને તે બાદ જ તેનો નિર્ણય લેવાય એટલે કે માત્ર બે મિનિટમાં સ્ટેન્ડિંગની બેઠક પૂર્ણ કરવા નહીં પરંતુ યોગ્ય અભ્યાસ કર્યા બાદ જે તે દરખાસ્તને બહાલી આપવી કે કેમ તે અંગે નિર્ણય લેવા છે. આ કરવા પાછળનો મુખ્ય હેતુ એ જ છે કે રાજકોટ શહેરનો વિકાસ જે ગતિએ થઈ રહ્યો છે તેનાથી વધુ સારા કામો કઈ રીતે કરી શકાય અને વધુ વિકાસને વેગવંતો કઈ રીતે બનાવી શકાય તે દિશામાં કામગીરી કરવા માટે તત્પરતા દાખવી છે. હવે જોવાનું એ રહ્યું કે સ્ટેન્ડિંગ ચેરમેન દ્વારા લેવામાં આવેલો નિર્ણય મહાનગરપાલિકા માટે અને ખાસ તો સ્ટેન્ડિંગ કમિટી માટે કેટલો ઉપયોગી અને નિર્ણાયક નીવડે છે.પૂર્વ સ્ટેન્ડિંગ ચેરમેનની કાર્યપદ્ધતિ થી વિપરીત કાર્ય કરવા માટે જાણે નવા એટલે કે નવયુક્ત ચેરમેન કામગીરી કરી રહ્યા હોય તેવું ઉદાહરણ ઊભું થયું છે હાલ દર સપ્તાહ સ્ટેન્ડિંગની બેઠક મળે તે નિર્ણય લેતા જ રાજકારણમાં ખરભરાટ મચી ગયો છે અને અધિકારીઓમાં પણ ક્યાંક ને ક્યાંક ફફડાટ જોવા મળ્યો છે કારણ કે હવે તાકીદે નવા કામોની દરખાસ્ત તૈયાર કરી તેનો યોગ્ય અભ્યાસ કરી ત્યાર પછી જ સ્ટેન્ડિંગમાં તેને મૂકવામાં આવશે જેથી અગાઉની સ્થિતિની જેમ માત્ર બે મિનિટમાં કામગીરીને બહાલી આપી દેવામાં આવતી હોય તેવું ચિત્ર હવે જોવા નહીં મળે. નવનિયુક્ત હોદ્દેદારો દ્વારા યોગ્ય નિર્ણય લેવામાં આવે અને પ્રજાને કોઈપણ પ્રકારની તકલીફનો સામનો ન કરવો પડે અને ભ્રષ્ટાચાર રુપી જે વહીવટો અગાઉ થયા તે ન થાય તે માટેની સંપૂર્ણ તકેદારી દાખવવામાં આવતી હોવાની ચર્ચા એ પણ જોર પકડ્યું છે. રાજકીય વર્તુળોમાં એ વાતનો પણ ગણગણાટ થઈ રહ્યો છે કે પૂર્વ ચેરમેનની તેરી ચુપ અને મેરી ભી ચૂપ જેવી નીતિ હવે નહીં ચાલે અહીં અધિકારીઓએ પણ સચોટ માહિતી આપવી પડશે.અગાઉની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકોમાં અનેકવિધ વિકાસ કામોને બહાલી આપી દેવામાં આવતી હતી પરંતુ હવે જે જે વિકાસ કામો ને મંજૂર કરવામાં આવશે તેનો ટ્રેક રેકોર્ડ પણ રખાશે.

## સીટી ઈજનેર તરીકે સીતાપરાને બેસાડવાનો ખેલ ઉંધો પડતા 'ગોઠવણ'નો વહીવટ પરત આપવો પડે તેવી સર્જાઈ સ્થિતિ

મહાનગરપાલિકાના વર્તુળોમાં એક વાત ચર્ચાઈ રહી છે કે, એક ડેપ્યુટી ઈજનેરી એક ભાજપ મહામંત્રીને લાખોની પ્રસાદી ધાર્યાની ચર્ચા છે. અને સીટીજને બનવા તલપાપડ એવા ઈજનેરે ખાનગીમાં ચોક્કસ જગ્યાએ એવું સ્વીકાર્યાનું મનાય છે કે પોતે એક પદાધિકારીના બાંધકામોમાં સહયોગ આપ્યો હતો અને સંગઠનના એક હોદેદારને એડવાન્સમાં પ્રસાદ ધર્યો હતો. જો કામ ન પતે તો રકમ પરત આપવાની શરત પણ રાખ્યાનું મનાઈ છે.

## બહાલી મળેલ કામોનો રખાશે ટ્રેક રેકોર્ડ

સ્ટેન્ડિંગ કમિટી ની બેઠકમાં જે જે કામો મંજૂર કરવામાં આવ્યા હશે જે જે કામોને બહાલી આપવામાં આવી હશે તે તમામ કામો ને તાકીદે શરૂ કરાશે અને તેનો વર્ક રેકોર્ડ તથા તેનો ટ્રેક રેકોર્ડ પણ સમયાંતરે ચકાસવામાં આવશે જેથી જે કામો હાથ ઉપર લેવામાં આવ્યા હોય તે યોગ્ય સમયમાં પરિપૂર્ણ થઈ શકે. અગાઉ માત્ર કામો મંજૂર કરી દેવામાં આવતા હોવાની ચર્ચા એ પણ જોર પકડ્યું હતું અને તે કામો કેટલા અંશે પૂરા થયા છે કે કેમ તેનો કોઈ ટ્રેક રેકોર્ડ પૂર્વ ચેરમેન પાસે ન હતો જેને લઈને જ હાલના નવનિયુક્ત મેયર દ્વારા ૯૮ જેટલા કામોને હોલ્ડ ઉપર મૂકી દીધા છે કે જેની પ્રગતિ ૨૦% થી ઓછી હોય.

## મનપાની વિવિધ કમિટીમાં સ્વચ્છ પ્રતિભાને જ ગોઠવવાનો તખ્તો

અમુક પ્રતિભાવોને મનપાની વિવિધ કમિટી માંથી દૂર રાખવાનો નિર્દેશ મળે છે. એટલું જ નહીં અમુક ખરડાયેલા ચહેરાઓ ટીપી, ફાયર, બાંધકામ, આરોગ્ય અને સમાજ કલ્યાણમાં લોબિંગ અને પ્રેશર ટેકનિકનો ઉપયોગ કરતા હોવાનું પણ ચર્ચાઈ છે. પરંતુ પ્રદેશ ભાજપ છબીને ખરડનાર અમુક ખરડાયેલા ચહેરાઓને દૂર રાખવા માંગે છે. જેમકે પોણો ડઝન ટીપી નવી મંજૂર થવા પર હોય અને જમીન મકાનના ધંધા સાથે સંકળાયેલા ચોક્કસ ચહેરાવો ટીપી સમિતિમાં બેસવા જબરૂ લોબિંગ આદર્યાનું મનાઈ છે.

## ધારાસભ્ય અને મહામંત્રી આમને સામને

પદાધિકારીઓની લોબીમાં અમુક લોકોનું ગજ વાગ્યું ન હોય ત્યારે પોતાનું સ્વમાન અને પગ પેસારો રાખવા મનપાની મહત્વની કમિટ માટે હવે રાજકીય ખેલો ખેલાઈ રહ્યા છે. ચેરમેન ની ગાડી ધરાવતી ફાયર સમિતિ માટે જબરા લોબિંગ શરૂ થયા છે. ઉપલા કાંઠાના એક મહિલા નગર સેવકને મહત્વની સમિતિમાં ગોઠવવા બાબતે એક ધારાસભ્ય તથા મહામંત્રી વચ્ચે ઉગ્ર દલીલો થયાનું મનાય છે અને આ બાબતે એકબીજા સામે શાબ્દિક ટપા ટપી થયાની ચર્ચાએ પણ જોર પકડ્યું છે.

## શહેર સંગઠન અને નગરસેવકો વચ્ચે સામસામો મોરચો મંડાયાની ચર્ચા

મહાનગરપાલિકામાં પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવા માટે હાલ અનેક દાવ પેચ ખેલાઈ રહ્યા નું ચર્ચાએ જોર પકડ્યું છે. ત્યારે રાજકોટ શહેર સંગઠન અને કોર્પોરેટરો સામ સામે મોરચો ખોલ્યાનો સિનાર્યો સર્જાયો છે. ત્યારે પોતાનું વર્ચસ્વ તથા આધીપત્તીય પ્રસ્થાપિત કરવા રાજકીય દાવ પેચ ખેલાઈ રહ્યા છે.

## મહિલા ધારાસભ્ય મનપાના વહીવટમાં રસ દાખવતા ચર્ચાએ પકડ્યું જોર

મહાનગરપાલિકામાં ધારાસભ્યો સીધો જ રસ લેતા નથી પરંતુ આ જ સવારના અખબારોમાં સમાચાર જોઈએ તો એક મહિલા ધારાસભ્ય મનપાના વહીવટમાં રસ દાખવી રહ્યા હોય અને તંત્રને સૂચના આપી રહ્યા હોય તેવું જોવા મળે છે ત્યારે એવી ચર્ચા એ પણ જો પકડ્યું છે કે રાજકીય અસ્તિત્વ બચાવવા મજબૂતાઈથી મરણીયા પ્રયાસો થઈ રહ્યા છે. ત્યારે મહિલા ધારાસભ્ય હજુ પણ પોતે કોર્પોરેટર હોય તેવી મનપાની લોબીમાં ચર્ચાએ જોર પકડ્યું છે.

# સાંઢિયો પુલ ૧૩મીએ હર્ષ સંઘવીના હસ્તે ખુલ્લો મુકાશે

## કોન્ટ્રાક્ટર કહેલું કામ પૂર્ણ કરશે ત્યારબાદ ફરી વખત પદાધિકારીઓ લેશે મુલાકાત

રાજકોટ, તા. ૧૦

૭૪ કરોડના ખર્ચે બનેલા નવા પુલનું ઉદઘાટન કરવાની વાત છેલ્લા ઘણા દિવસોથી ચાલી રહી છે પરંતુ યોગ્ય મુહૂર્ત નીકળતું ન હોવાથી હાલ રાજકોટ વાસીઓ તથા મહાનગરપાલિકા પણ ચિંતાતુર છે. તેમાં પણ જ્યારે નવનિયુક્ત હોદ્દેદારોએ પ્રથમ વખત સાંઢીયા પુલની મુલાકાત લીધી હતી તે સમયે કામગીરીમાં ઘણા ખરા પ્રશ્નો ઊભા થયા હતા અને તે કામનો તાકીદે નિકાલ કરવા અને તેનું નિવારણ લાવવા માટે સંબંધિત વિભાગના અધિકારીઓને સીટી ઇજનેરને આદેશ કરવામાં આવ્યો હતો જે બાદ વરસાદી પાણીના નિકાલ માટે હાલ કામગીરી શરૂ કરવામાં આવી છે એટલું જ નહીં ઘણી ખરી જગ્યા ઉપર યોગ્ય ફિનિશિંગ પણ કરવામાં આવ્યું નથી જે કામગીરીને લઈને નવનિયુક્ત હોદ્દેદારો એજન્સી ઉપર પણ લાલ ધૂમ થયા હતા.

મહાનગરપાલિકાના સુત્રો મારફતે માહિતી મળી રહી છે કે ૧૩મીએ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે સાંઢીયો પુલ ખુલ્લો મુકવામાં આવે તો નવાઈ નહીં. તો બીજી તરફ ગઈકાલે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશ પીપળીયાએ જણાવ્યું હતું કે હાલ જે કામગીરી કરવાનો આદેશ કરાયો છે તે પૂર્ણ થતા ફરી એક વખત હોદેદારો સાંઢીયા પુલની મુલાકાત લેશે અને પુલ નાયબ મુખ્યમંત્રીનાં હસ્તે ખુલ્લો મુકી દેવાશે.

જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર પુલ ખુલો મુકવામાં આવતા જ ટ્રાફિકની સમસ્યાનું તાકીદે નિવારણ આવશે. આ અંગે મેયર નેહલ શુકલએ પણ કામની સમીક્ષા કરી લીધી હતી. ત્યારે એ વાત સ્પષ્ટ છે કે નવનિર્બ્રી જ ખુલ્લો મુકાઇ એટલે ન માત્ર જામનગર રોડ પરંતુ ૧૫૦ ફુટ રોડ, રૈયા રોડ, કાલાવડ રોડ, મવડી રોડની ટ્રાફિક સમસ્યા પણ હળવી થઇ જશે.

હાલ રાજકોટના લોકો કોઇ પ્રોજેક્ટ પુરો થવાની રાહ જોતા હોય તો તે આ પુલનો પ્રોજેક્ટ છે. જે રાત્રે પણ હવે લાઇટીંગથી ઝગમગવા લાગ્યો છે જે પણ નજરે પડે છે. આ બ્રીજ રાજકોટનો પહેલો એવો પુલ છે કે જે ડિસ્મેન્ટલ કરીને નવો બનાવાયો છે.રેલ્વે સાથે સંકલનમાં ઢીલ સહિતના કારણોથી આ બ્રીજ ભાજપ શાસકો ચૂંટણી પહેલા ખુલ્લો મુકી શકયા ન હતા તે ઉલ્લેખનીય છે. જોકે બ્રીજ હેઠળ સર્વિસ રોડ સહિતની વાહન ચાલકોને રાહત આપતી ઘણી સુવિધા પણ ઉમેરવામાં આવી છે.



રાજકોટ માટે સાંઢીયો પુલ અત્યંત મહત્વનો છે અને આ પ્રોજેક્ટના લોકાર્પણ માટે લોકો આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે ત્યારે આગામી સપ્તાહમાં આ બ્રિજ ખૂણો મૂકી દેવામાં આવશે જેથી ટ્રાફિકનો પ્રશ્ન હતો તે સોલ્વ થઈ જશે. બીજી મહત્વની વાત તો એ છે કે હાલ અત્યારે પણ ઘણા ખરા પ્રશ્નો ઊભ થયા હતા. બ્રિજ નિર્માણ વખતે ઘણી ખરી ફરિયાદો પણ ઉઠી હતી અને જે સમયગાળામાં બ્રિજ પૂરો કરવાની વાત હતી તેનાથી પણ વધુ સમય લાગ્યો તે અરસામાં મહાનગરપાલિકાની જૂની બોડી નો કાર્યક્રમ પૂર્ણ થઈ જતા ફરી દોઢ મહિના જેટલી વાટ જોવામાં આવી કારણકે નવા હોદ્દેદારો આવતા ની સાથે જ પહેલું લોકાર્પણનું કાર્ય જે કરશે તે સાંઢીયા પુલનું હશે જેના ભાગરૂપે આજ દિન સુધી ખુલ્લો મુકવામાં આવ્યો નથી.

એક તરફ વડાપ્રધાનની અપીલ કે ઉદઘાટન કે લોકાર્પણ પાછળ બહુ મોટો ખર્ચ ન કરવો ત્યારે બ્રિજ સ્થાનિક નેતા કે પ્રભારી મંત્રીના હસ્તે ખુલો મુકવામાં આવે તેવી ચર્ચા એ પણ જોર પકડ્યું હતું પરંતુ હાલ આધારભૂત સુત્રોના જણાવ્યા અનુસાર નાયબ મુખ્યમંત્રી ૧૩મીએ આ પુલને ખુલ્લો મુકશે તેવી ચર્ચાએ જોર પકડયું છે. પરંતુ હાલ કેટલું કામ બાકી છે તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા થઈ શકી નથી . સીટી ઇજનેર દ્વારા એ વાત જ કહેવામાં આવી રહી છે કે કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે બસ હવે પદાધિકારીઓ તારીખ આપે ત્યારે પુલ ખુલો મૂકી દેવાય તો બીજી તરફ પદાધિકારીઓ કામગીરીના વાંકે બ્રિજ ખુલ્લો મુકતા ન હોવાનું જણાવ્યું છે. આ તમામ પરિસ્થિતિમાં હાલ લોકો પીસાઈ રહ્યા હોય તેવું જાણવા મળ્યું છે.